શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ મેમનગર, અમદાવાદ તથા શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ વિશ્વવિદ્યા પ્રતિષ્ઠાનમ્‌નું મુખપત્ર

सद्‌विद्या प्रवर्तावो पृथ्वी परे...

ગુરુકુલ દર્શન

ISSN 2582-6409
વર્ષ : ૧૮ અંક : ૦૨
ફેબ્રુઆરી : ૨૦૨૬

અમૃતવંદના

ગ્રંથવિમોચન સમારોહ

SGVP AHMEDABAD

01 માર્ચ 2026, રવિવાર

સાંજે 4:30 કલાકે

SGVP કેમ્પસ - અમદાવાદ

પ્રજાસત્તાકપર્વ દિવસે શહીદ પરિવારોના સંતોનોને વિદ્યાસહાય અર્પણ કરવામાં આવી હતી.
પૂજ્ય સ્વામીજીની પ્રેરણાથી આ ક્રમ દર વર્ષે યોજવામાં આવે છે

પૂજ્ય સ્વામીજીની ઉપસ્થિતિમાં દિવ્યાંગ સેવાયજ્ઞ-૩માં એકાવન દિવ્યાંગોને કૃત્રિમ પગ અર્પણ કરવામાં આવ્યા હતા, SGVP

પૂજ્ય ગુરુદેવ શાસ્ત્રીજી મહારાજની ૩૮મી પૂન્યતિથિ પ્રસંગે ગુણાનુવાદ સભામાં ઉપસ્થિત સંતો-ભક્તો, અમદાવાદ ગુરુકુલ

SGVP રીબડા ગુરુકુલ ખાતે યોજાયેલ સાયન્સ એન્ડ સ્પોર્ટસ્ કાર્નિવલમાં શાળાના બાળકોએ વિજ્ઞાનના વિવિધ પ્રયોગો દર્શાવ્યા હતા તથા અનેકવિધ રમતો દ્વારા પોતાની શક્તિનું પ્રદર્શન કર્યું હતું.

‘વંદુ...’ પદોની ૨૦૨મી પ્રાગટ્યતિથિએ સમૂહ અનુષ્ઠાનમાં ઉપસ્થિત પૂજ્ય સદ્‌ગુરુ સંતો તથા ભક્તજનો, અમદાવાદ ગુરુકુલ

ગુરુકુલ દર્શન

ભગવાન શ્રી સ્વામિનારાયણ

પરમ પૂજ્ય ગુરુદેવ શાસ્ત્રીજી મહારાજ
શ્રી ધર્મજીવનદાસજી સ્વામી

પરમ પૂજ્ય ગુરુવર્ય શાસ્ત્રી
શ્રી માધવપ્રિયદાસજી સ્વામી

: આશીર્વાદ :
પરમ પૂજ્ય પ્રાતઃસ્મરણીય શ્રી જોગીસ્વામી

વર્ષ-૧૮, ફેબ્રુઆરી : ૨૦૨૬, અંક : ૦૨

પ્રકાશક તથા માલિક
બાલકૃષ્ણદાસજી સ્વામી
શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ મેમનગર,
અમદાવાદ-૩૮૦૦૫૨

તંત્રી : શામજી ભગત
સંપાદક : સાધુ યજ્ઞવલ્લભદાસ
તસ્વીર : જી. વિઝન
કલા સંયોજન : હરિકૃષ્ણ ગ્રાફીક્સ

વાર્ષિક લવાજમ : રૂા. ૫૦/-
પંચવાર્ષિક લવાજમ : રૂા. ૨૫૦/-
૨૦ વર્ષનું લવાજમ : રૂા. ૭૦૦/-
વિદેશમાં ૨૦ વર્ષનું લવાજમ : $ ૧૧૦/-

પૂર્વનું પુણ્ય પ્રગટ થયું જ્યારે...

પૂર્વનું પુણ્ય પ્રગટ થયું જ્યારે,
સ્વામિનારાયણ મળિયા રે ત્યારે...૧

નેણે મોહનવર નીરખ્યા જ્યારે,
પૂરણ કામ થયું મારું ત્યારે...૨

પ્રેમે કરી મંદિર પધરાવ્યાં,
શ્યામ સુંદરવર મનડે રે ભાવ્યા...૩

નીરખી નારાયણ મૂરતિ જ્યારે,
ત્રિવિધ તાપ ટળ્યા મારા ત્યારે...૪

કેસર ચંદન ચરચ્યું છે ભાલે,
હસતાં સુંદર ખાડા પડે છે ગાલે...૫

કાનુમાં કુંડળ મકરાકાર શોભે,
જેરામ કહે મન જોઈ જોઈ લોભે...૬

અનુક્રમણિકા

૧. ભગવાન વેદવ્યાસ અને ધર્મરાજ યુધિષ્ઠિરની કથા ૦૪
૨. શિવ-પાર્વતી ૦૭
૩. તમો સંસારમાં શોભો એવા છો ! ૧૩
૪. સત્સંગ ક્વિઝ - ૭ ૧૫
૫. સમાચાર દર્શન ૧૬

લવાજમ અંગે પત્રવ્યવહાર
'ગુરુકુલ દર્શન' કાર્યાલય
શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ
ગુરુકુલ રોડ, મેમનગર, અમદાવાદ-૫૨
(૦૭૯) ૨૭૯૧૨૫૯૧/૯૨

'ગુરુકુલ દર્શન' દર મહિનાની ૨૫ તારીખે પ્રગટ થાય છે. એ પછીના એક અઠવાડિયા સુધીમાં આપને અંક ન મળે તો નજીકની પોસ્ટ ઓફિસ અથવા પોસ્ટમાસ્તરનો સંપર્ક કરવો. એડ્રેસમાં સુધારો પત્ર અથવા ઈમેઈલથી જ થશે.

GurukulParivar
GurukulParivar
swaminarayangurukul.org
darshan@sgvp.org

ભગવાન વેદવ્યાસ અને ધર્મરાજ યુધિષ્ઠિરની કથા

- સ્વામી માધવપ્રિયદાસ



મહાભારતમાં એક સરસ પ્રસંગ છે : જ્યારે રાજસૂય યજ્ઞ પૂરો થયો, મયદાનવે રચેલી સભામાં દુર્યોધનનું ઘોર અપમાન થયું. ઈર્ષ્યાની આગમાં સળગતો દૂર્યોધન પોતાના ઘેર ગયો. તેણે મનમાં નિર્ણય કર્યો કે યેનકેન પ્રકારેણ પાંડવોની સંપત્તિ પડાવી લઉં.

આ બાજુ યજ્ઞ પૂરો થતા બધા અતિથિઓ પાંડવોની રજા લઈ વિદાય થયા. ભગવાન વેદવ્યાસ પણ પાંડવો પાસે વિદાય લેવા માટે આવ્યા. સંજોગવશાત્ ત્યારે મહારાજ યુધિષ્ઠિર એકલા જ હતા.

વેદવ્યાસ ત્રિકાળજ્ઞાની પુરુષ હતા, અર્થાત્ એમની સર્વગ્રાહી દૃષ્ટિ ભૂતકાળ તેમજ ભવિષ્યના ગર્ભમાં પણ પહોંચતી હતી. એટલે તો વેદવ્યાસે લખેલાં પુરાણો આપણને વર્તમાનની સાથોસાથ ભૂત અને ભવિષ્ય બન્નેની યાત્રાએ લઈ જાય છે.

ભગવાન વેદ વ્યાસ સાથે સત્સંગ કરતા કરતા મહારાજ યુધિષ્ઠિરને ભારતવર્ષના ભવિષ્યને જાણવાની ઈચ્છા થઈ. એમણે પોતાનાં મનની વાત વેદવ્યાસ સમક્ષ રજૂ કરી. ધર્મરાજની આ જિજ્ઞાસા માનવસહજ જિજ્ઞાસા છે.

'કાલે મારું શું થશે ?! અઠવાડિયા પછી મારું શું થશે ? મારું આયુષ્ય કેટલું હશે !?' આવું જાણવાની ઈચ્છા જેને ન હોય એવા માણસ ભાગ્યે જ મળે.

આપણે ભગવાનમાં ભરોસો રાખવાની વાત કરીએ છીએ. જે કંઈ થાય છે તે ભગવાનની ઈચ્છાથી થાય છે અને થવાનું છે તે પણ ભગવાનની ઈચ્છાથી થવાનું છે તે જાણીએ છીએ. છતાં પણ છાપામાં આવતા અઠવાડિક રાશિ ભવિષ્યમાં જોઈ લઈએ છીએ કે અઠવાડિયું કેવું જશે...!

ભવિષ્યને જાણવાની ઈચ્છા કોને ન હોય ? મહારાજા યુધિષ્ઠિરે વેદવ્યાસને પૂછ્યું ત્યારે વેદ વ્યાસે કહ્યું કે, 'રાજન્ ! ભૂતકાળને ભૂલી જાવ. વર્તમાનને માણી લ્યો અને ભવિષ્યની ચિંતા છોડી દ્યો.' પણ વર્તમાનની આવી મોજ તો કોઈ વ્યાસ જેવો આત્મજ્ઞાની પુરુષ જ માણી શકે. કોઈક જ મહાપુરુષ સમયચક્રના વિસ્તારમાં વિહરવાને બદલે રથચક્રની નાભિમાં જ વિરામ લઈ શકે.

ભવિષ્યને જાણવાની જિજ્ઞાસા ક્યારેક સારી નથી હોતી અને ક્યારેક ભવિષ્યનું જ્ઞાન પણ સારું નથી હોતું.

વેદવ્યાસે કહ્યું 'રાજન્ ! ભવિષ્ય જાણવું રહેવા દો. ક્યારેક અજ્ઞાન પણ પરમાત્માના આશીર્વાદ હોય છે, તો ક્યારેક જ્ઞાન અભિશાપ બની જાય છે. કેટલીક બાબતો ભૂલી જવાય એ પણ ઈશ્વરની મોટી મહેરબાની છે.

દાખલા તરીકે, આ સભામાં આપણને કોઈને ખબર નથી કે 'આપણે પૂર્વ જન્મમાં કોણ હતા ?' કદાચ ભગવાન દયા કરે અને આપણને ખબર પડી જાય કે 'આ મારી પાસે બેઠેલા સજ્જન પૂર્વ જન્મમાં મારી પાસેથી પચાસ હજાર રુપિયા ઉછીના લઈ ગયા હતા પણ પાછા નથી આપ્યા' તો આપણને શું થાય ? એથી ઉલટું, બીજી બાજુ બેઠેલા સજ્જનને જ્ઞાન થાય કે 'આપણે એની પાસેથી ઉધાર લાવ્યા હતા' તો શું થાય ? કેટલી અવ્યવસ્થા ઉભી થાય ! કેટલા સંઘર્ષો શરુ થાય !

આ બધું તો હજી કંઈક ઠીક, પણ કદાચ ઘરમાં બે માણસ એકબીજાને ઓળખી જાય કે 'આ તો એ જ છે જેણે મને છેતરીને ઝેર દીધેલ...!' તો ઘરમાં કેવી ધમાલ થાય ?! એટલે 'ટાઈમ ટ્રાવેલ' બહુ સારી વાત નથી. ભૂલાઈ જાય તે સારી વાત છે, માટે ઘણીવાર વિસ્મરણ પ્રભુનું વરદાન છે.

માનો કે આપણને ખબર પડી જાય કે અમુક દિવસ પછી આપણો છેલ્લો વરઘોડો નીકળવાનો છે તો આપણી કેવી દશા થાય ! આપણને આપણા મૃત્યુની ખબર નથી એટલે આપણે સદ્ભાગી છીએ. મોજથી જીવીએ છીએ.

'જબ આયેગા તબ દેખા જાયેગા.'

તમને જો ખ્યાલ હોય તો મહાભારતમાં દુઃખીમાં દુઃખી જો કોઈ હોય તો તે સહદેવ છે. કથા એવી છે કે સહદેવને ભવિષ્યનું જ્ઞાન હતું, પણ મુશ્કેલી એ હતી કો કોઈ પૂછે તો જ તે ભવિષ્ય કહી શકતા, નહીંતર નહીં.

સહદેવને ખબર હતી કે 'લાક્ષાગૃહમાં આગ લાગવાની છે. પાંડવોને નહીં ચેતવું તો અનર્થ થશે' છતાં તે પાંડવોને ચેતવી નથી શકતા. આવી પરિસ્થિતિમાં આગ લાગતા પહેલા સહદેવ કેટલા મૂંઝાયા હશે ?

સહદેવને ખબર હતી કે દ્રૌપદીજીના ચીરનું હરણ થવાનું છે, પાંડવોને વનવાસ થવાનો છે, મહાભારતનું મહાભયંકર યુધ્ધ થવાનું છે...! છતાં પૂછ્યા સિવાય બોલી ન શકે. તો સહદેવ જેવા બીજા દુઃખી કોણ હોય ?

સહદેવ અને વેદવ્યાસની તુલના કરીએ તો બન્ને પાસે ભવિષ્યદૃષ્ટિ છે, પણ ભવિષ્યજ્ઞાનથી સહદેવ દુઃખી છે, જ્યારે વ્યાસજી હિમાલય જેવા શાંત છે.

જેમ સત્તા અને સંપત્તિ મળવા સહેલા છે પણ પચાવવા અઘરા છે, એ જ રીતે જ્ઞાન મળવું સહેલું છે, પણ પચાવવું કપરું છે. અધ્યાત્મની નાભિમાં વિરાજમાન કૂટસ્થ મહાપુરુષ જ જ્ઞાન પચાવી શકે છે.

રથચક્ર વિહરણશીલ છે, નાભિ સ્થિર છે. અનેકતામાં એકતા રુપે વિરાજમાન અવિચલ તત્ત્વને વેદો 'નાભિ' કહે છે. વિજ્ઞાન 'ન્યુક્લિયસ' કહે છે.

વ્યાસજી નાભિને પામી ચૂક્યા છે. જ્યારે સહદેવ સૃષ્ટિચક્રના વિસ્તારમાં અર્થાત્ અનેકતામાં ભમે છે.

સૃષ્ટિના ભૂત, ભવિષ્ય અને વર્તમાન પ્રવાહને વ્યાસજી પરમાત્માની લીલાના રૂપમાં જૂએ છે અને સ્થિતપ્રજ્ઞ રૂપે અહોભાવથી એ લીલારસને માણે છે, પરંતુ આવી દિવ્ય લીલાદૃષ્ટિ સહદેવમાં જાગી નથી, માટે સહદેવ દુઃખી છે.

હવે મૂળ વાત પર આવીએ. વ્યાસે કહ્યું, 'ધર્મરાજ ! ભવિષ્યની વાત છોડો. ભવિષ્યદર્શન તમારા હિતમાં નથી.' પણ ધર્મરાજે હઠ ન છોડી. ત્યારે વ્યાસે કહ્યું, 'ધર્મરાજ ! તમે નાનાં બાળક જેમ હઠ પકડીને બેઠા છો, પણ ભવિષ્યદર્શન કર્યા પછી તમારી બેચેની વધી જશે, તમારી ઊંઘ હરામ થઈ જશે.'

ભારતના ભાવિ અંગેના પ્રશ્નને વ્યાસ વારંવાર ટાળતા રહ્યા, પણ ધર્મરાજ વારંવાર ભવિષ્ય જાણવાની હઠ કરતા રહ્યા. પરિણામે વ્યાસ દ્વારા ભારતના ભવિષ્યનું દર્શન કરાવનારી અદ્‌ભુત 'ટાઇમ ટ્રાવેલ' શરુ થઈ. વ્યાસજીની આ ભવિષ્યયાત્રા દુનિયાની કોઈ પણ 'ટાઇમ ટ્રાવેલ'ની કથા કરતા વિશેષ રોમાંચક હતી.

ભગવાન વેદવ્યાસે ભાવિને નજરોનજર નિહાળતા હોય એમ વાત માંડી, 'સાંભળો મહારાજ ! ભારતવર્ષનું ભવિષ્ય સારું નથી. ટૂંક સમયમાં જ ભારતવર્ષમાં ભયંકર યુધ્ધ થશે. ધરતી રુધિરથી રગદોળાશે. મડદાંના ઢગલા થશે. લોહીની નદીઓ વહેશે. કાગડાં, કૂતરાં, ગીધડાં, સમડાંઓ માટે મહેફિલ મંડાશે. રણદેવીઓ ખપ્પર ભરી ભરી રુધિર પાન કરશે. હજારો યુવાન સ્ત્રીઓ વિધવા થશે. ઘરે ઘરે કાણ મંડાશે. સ્ત્રીઓનાં કરુણ આક્રંદો સાંભળી નહીં શકાય. હજારો બાળકો અનાથ થશે. ભાઈ-ભાઈઓ વચ્ચેના આ મહાસંગ્રામમાં કૌરવકુળમાં કોઈ પાણી પાનાર નહીં બચે.

આ ભયંકર મહાસંગ્રામની વાત સાંભળી યુધિષ્ઠિર મહારાજ ધ્રૂજી ગયા અને સ્તબ્ધ થઈ વ્યાસ સામે જોઈ રહ્યા. પ્રેમ અને કરુણાથી ભરેલા રાજવી આ કહાણી સાંભળી ન શક્યા. પણ હવે વ્યાસજીની વાગ્ધારાને રોકવી અશક્ય હતી. આખરે વાતનું સમાપન કરતાં વ્યાસે કહ્યું, 'ધર્મરાજ ! તમે ભવિષ્ય પૂછ્યું જ છે તો કાન ખોલીને સાંભળો, આ ભયંકર નરસંહાર તમારે લીધે હશે. આ મહાસંગ્રામના કેન્દ્રમાં તમે હશો.'

ધર્મરાજે હાથ જોડી કંપતા સ્વરે કહ્યું, 'બસ મહારાજ બસ ! હવે મારાથી સાંભળી શકાય તેમ નથી. આ નરસંહાર રોકવાનો માર્ગ બતાવો.'

વ્યાસે ગંભીર સ્વરે કહ્યું, 'રાજવી ! ભાવિને કોઈ મિથ્યા કરી શકતું નથી. જે થવાનું છે તે થઈને જ રહેશે. લ્યો હવે મારે જવાનો સમય થયો છે.' આટલું કહી વ્યાસજી ચાલતા થયા, પણ ધર્મરાજની ઊંઘ હરામ કરતા ગયા.

ધર્મરાજના દિલમાં વારંવાર એક વાક્ય ધુમરાવા લાગ્યું. 'આ મહારક્તપાતના કેન્દ્રમાં તું હોઈશ.'

ધર્મરાજ ઉદાસ ઉદાસ થઈ ગયા. ન હવે એને રાતે નિદ્રા આવે, ન દિવસે ભોજન ભાવે.

ધર્મરાજે મનોમન વિચાર કર્યો, 'ભલે વ્યાસે આ ભવિષ્યવાણી ઉચ્ચારી, પણ ભવિષ્યનું નિર્માણ મારા હાથમાં છે. હું એ ભવિષ્યવાણીને મિથ્યા કરીશ.'

આખરે ધર્મરાજની માનવીય બુદ્ધિએ કુદરતના ક્રમને પોતાના હાથમાં લેવાનું નક્કી કર્યું. પરિણામ ઉલટું આવ્યું, ચોપાટના પાસાં અવળાં પડે એમ ભયંકર ભાવિને ટાળવા માટે એણે જે જે પ્રયત્નો કર્યા તે અવળા પડ્યા. એટલું જ નહિ, ભાવિને મિથ્યા કરવાના એક એક પગલે જે નરસંહાર દૂર હતો તે નજીક આવતો ગયો.

આપણને ઘણીવાર મનમાં થાય કે ધર્મરાજા જેવો ધર્મનિષ્ઠ રાજવી જુગાર કેમ રમે ? શું તે સામાન્ય માણસની જેમ આદતને આધિન હતા ? આપણા અંતરાત્માનો અવાજ એવી વાત માનવા તૈયાર નથી ?

આવો ડાહ્યો માણસ જુગારની આદતમાં ફસાય તે માન્યામાં આવતું નથી.

ધર્મરાજ અને જુગાર વચ્ચેનું રહસ્ય કદાચ આ પ્રસંગ સાથે વણાયેલું છે. ભવિષ્ય જાણ્યા પછી

યુધિષ્ઠિર મહારાજે નિર્ણય કર્યો કે 'મારા નિમિત્તે હું નરસંહાર નહીં થવા દઉં. કોઈપણ ભોગે હું એ રક્તપાતને રોકીશ.

ધર્મરાજ વિચારે છે કે 'એ રક્તપાતને રોકવો હોય તો શું કરવું?'

કહેવત છે, 'જર, જમીન ને જોરુ એ ત્રણેય કજિયાના છોરુ.'

યુધિષ્ઠિરે વિચાર્યું, 'મારી પાસે જે જર-જમીન-જોરુ છે તે આપીને પણ હું આ નરસંહાર અટકાવીશ.' લાગે છે કે ધર્મરાજે આવા ઘણા મનોમંથન પછી જ જુગારના પાસા હાથમાં લીધા હશે.

એ સમયના ક્ષત્રિયોના રિવાજ પ્રમાણે રાજ્યના સીમાડા યુધ્ધ ઉપરાંત ચોપાટની બાજીથી પણ નિશ્ચિત થતા. આ વાત કુરિવાજ ગણાય કે સુરિવાજ તે ચર્ચાનો વિષય છે. નાહકના નરસંહારને રોકવા માટે મુત્સદ્દી માણસોએ ચોપાટની રમત દ્વારા યુધ્ધને અટકાવવાનો પ્રયાસ કર્યો હોય તેવું પણ બની શકે.

વર્ષો પહેલા ઘટેલ ઘટનાનું મૂલ્યાંકન આજના સંદર્ભમાં ન કરાય અને આજની ઘટનાનું મૂલ્યાંકન ભૂત કે ભવિષ્યની દૃષ્ટિએ ન કરાય. વર્તમાન સમયની મૂલવણી વર્તમાનની રીતે જ કરાય. દરેક ઘટનાક્રમ પાછળ દેશ-કાળાદિક અનેક પાસાં કામ કરતાં હોય છે.

યુધિષ્ઠિર મહારાજે કદાચ વિચાર કર્યો હશે, 'આ ચોપાટ રમીશ તો બહુ બહુ તો શું થશે ? મારું રાજ્ય દુર્યોધન લઈ જશે. એની મને પરવા નથી.'

એ સમયના રિવાજ પ્રમાણે કોઈ ક્ષત્રિયથી ચોપાટબાજીનું નિમંત્રણ પાછું ન ઠેલી શકાય. ચોપાટના નિમંત્રણને પાછું ઠેલવાનો અર્થ એ હતો કે, યુધ્ધને તરત આહ્વાન આપવું.

ધર્મરાજને આખરે એમ થયું હશે કે 'દૂર્યોધનને મારું રાજ્ય હૈયામાં કણાની જેમ ખૂંચે છે તો ભલે ચોપાટ ઉપર નિર્ણય થઈ જાય. કદાચ જુગારમાં મારે રાજ્ય હારી જવું પડે તો હારીને પણ હું આ નરસંહારને અટકાવીશ.' ધર્મરાજના મનમાં તો વ્યાસની વાણીનું મંથન રમ્યા કરતું હશે.

વ્યાસજી ગયા, પણ ઊંઘ હરામ કરીને ગયા. યુધિષ્ઠિરને ક્યાંય ફાવે નહીં. ઉદાસ-ઉદાસ રહ્યા કરે. ધર્મરાજને મનમાં થયા કરે 'કોઈને રાજ્ય આપીને પણ શાંતિ સ્થાપવી, પરંતુ એ માટે મારા ચાર ભાઈઓને વિશ્વાસમાં તો લેવા પડે.' આ અંગે ભાઈઓને કઈ રીતે વિશ્વાસમાં લેવા? એની મૂંઝવણ ધર્મરાજને થયા કરે.

બીજા ચાર પાંડવોને થાય કે આપણા મોટા ભાઈ શા માટે મૂઝાય છે ? પાંડવોમાં ભાઈઓ-ભાઈઓ વચ્ચે અનોખો પ્રેમસંબંધ હતો. ચારેય ભાઈઓને ધર્મરાજની ઘણી વાત અયોગ્ય લાગતી હોય, છતાં પણ એના નિર્ણયને તેઓ મને-કમને પણ સ્વીકારી લેતા. ભાઈઓને ફાવે, ન ફાવે છતાં ધર્મરાજનો નિર્ણય આખરી રહેતો.

એકવાર ચારેય ભાઈઓએ ધર્મરાજને કહ્યું, 'ભાઈ ! તમે ઉદાસ શા માટે છો ? આટલો સરસ યજ્ઞ થયો. સમગ્ર પૃથ્વિ પર તમારી કીર્તિ વ્યાપી. તમે ચક્રવર્તી સમ્રાટ થયા છો. છતાં ઉદાસ શા માટે છો?'

ધર્મરાજા વિચાર કરે છે, 'આ ભવિષ્યદર્શનથી હું હેરાન થયો, પણ મારે મારા ભાઈઓને હેરાન નથી કરવા.' એટલે આ જટિલ વાતને એણે યુક્તિપૂર્વક જૂદો વણાંક આપ્યો અને કહ્યું, 'બંધુઓ ! મારું એક વચન માનશો?'

ભાઈઓએ કહ્યું, 'મોટાભાઈ ! અમે પિતાને તો નથી જોયાં, પણ તમે અમારા મોટા ભાઈ, અમારા માટે પિતાતુલ્ય છો. આજ તમને કેમ સંશય થાય છે કે અમે તમારી વાત નહીં માનીએ ! આપ આવું સ્વપ્રે પણ ન વિચારો. અમારું વચન છે કે અમારે માટે આપનું વચન શિર સાટે સ્વીકાર્ય રહેશે. બોલો, હવે તમારે શું કહેવું છે?'

ધર્મરાજે કહ્યું, 'ભાઈઓ ! મને ક્યારેક ક્યારેક દાન દેવાનું મન થઈ આવે છે. તમે ચારેય ભાઈઓએ ધરતી જીતીને મને અર્પણ કરી છે. પણ મને ક્યારેક મોજ ચડે અને દાન કરું તો તમને દુઃખ નહીં થાય ને?'

ભીમ કહે, 'અરે મોટાભાઈ ! આટલી વાત માટે તમે તમારી ઊંઘ બગાડી ! આ સમસ્ત ઈન્દ્રપ્રસ્થનું રાજ્ય તમે કોઈને દઈ દો તો પણ અમને કાંઈ નહીં થાય.'

ચારેય પાંડવોએ કહ્યું, 'મોટાભાઈ ! તમારે સર્વસ્વ લૂંટાવી દેવું હોય તો લૂંટાવી દેજો. અમે તમારું વેણ નહીં ઉથાપીએ.'

ભાઈઓના વચને આશ્વસ્ત થયેલા યુધિષ્ઠિર મહારાજને થયું કે 'ચોપાટમાં હું મારું રાજ્ય મૂકીશ તો પણ હવે મારા ભાઈઓ વાંધો નહીં લે.'

ત્યારબાદ જે રીતે જુગાર રમાયો, દ્રૌપદીનું વસ્ત્રાહરણ થયું અને મહાભારતનો ઘોર સંગ્રામ થયો એ કથાના વિસ્તારમાં આપણે જવું નથી.

ફરીને કેન્દ્રબિંદુ ઉપર આવીએ. આપણા માટે આ કથામાં કેન્દ્રબિંદુ છે, વ્યાસજીની 'ભવિષ્યદર્શન'ની શક્તિ. (ક્રમશઃ)

શિવ-પાર્વતી

- ભાણદેવજી

મહારાજ મનુએ પોતાની એક પુત્રી પ્રસૂતિનાં લગ્ન બ્રહ્માની પુત્ર દક્ષ પ્રજાપતિ સાથે કર્યા. દક્ષ પ્રજાપતિને પ્રસૂતિથી સોળ કન્યાઓ જન્મી. આ સોળમાંનાં એક 'સતી'નાં લગ્ન તેમણે ભગવાન શંકર સાથે કર્યાં.

એકવાર સર્વ પ્રજાપતિઓએ સાથે મળીને એક મહાન યજ્ઞનું આયોજન કર્યું. આ મહાન યજ્ઞમાં ઋષિઓ, મુનિઓ, દેવો વગેરે સૌ પોતપોતાના અનુયાયીઓ સહિત એકત્રિત થયા. આ યજ્ઞ દરમિયાન એકવાર એક મહત્ત્વપૂર્ણ સભામાં બ્રહ્માજી, ભગવાન શંકર, દેવો, પ્રજાપતિઓ, ઋષિઓ વગેરે સૌ ઉપસ્થિત હતા. તે વખતે દક્ષ પ્રજાપતિએ તે સભામાં પ્રવેશ કર્યો. દક્ષ પ્રજાપતિ સૌ પ્રજાપતિઓના પણ આગેવાન અને સન્માનનીય છે. દક્ષ પ્રજાપતિ ઘણા તેજસ્વી પુરુષ છે. સભામાં તેમનો પ્રવેશ થયો છે તેમ જાણીને તેમના તેજથી પ્રભાવિત થઈને ભગવાન શંકર અને બ્રહ્માજી સિવાય સૌ સભાસદો પોતનાં આસન પરથી ઊભા થઈ ગયા. સૌએ તેમની આમન્યા જાળવી. આ રીતે સૌ સભાસદો દ્વારા સન્માન પામીને તેજસ્વી દક્ષ પ્રજાપતિ પિતામહ બ્રહ્માજીને પ્રણામ કરીને, તેમની આજ્ઞાથી પોતાનાં આસન પર બેઠા.

સૌ સભાસદોએ અભ્યુત્થાન આદિ દ્વારા પ્રજાપતિ દક્ષનું સન્માન કર્યું. ભગવાન શંકર તો સદાસર્વદા આત્મભાવમાં જ રહે છે. તેમની તો માન-અપમાન, આવકાર, વિનય, ઔપચારિકતા આદિ તરફ દૃષ્ટિ જ નથી. એટલે તેઓ સૌની જેમ પોતાનાં આસન પરથી ઊભા થયા નહીં. તેમ કરીને તેઓ દક્ષ પ્રજાપતિની અવમાનના કરવા ઇચ્છતા હતા તેવું નથી, પરંતુ સ્વમાની અને સન્માનપ્રિય દક્ષ પ્રજાપતિ શંકરજીના આ વર્તનને સહન કરી શક્યા નહીં. તેઓ શંકરજીના સસુર છે અને શંકરજી તેમના જમાઈ છે. પિતામહ બ્રહ્માજી તથા ભગવાન શંકર સિવાય સમગ્ર સભાએ અભ્યુત્થાનાદિથી દક્ષ પ્રજાપતિની આમન્યા જાળવી છે. બ્રહ્માજી તો દક્ષ પ્રજાપતિના પિતા છે તેથી તેમની પાસેથી અભ્યુત્થાનાદિ માનપ્રદ વ્યવહારની અપેક્ષા નથી, પરંતુ શંકરજી તો તેમના જમાઈ હોવાથી પુત્ર સમાન કે શિષ્ય સમાન ગણાય. ભગવાન શંકર સૌની સાથે ઊભા કેમ ન થયા ? આ ઘટનાથી દક્ષ પ્રજાપતિને ક્રોધ ચડ્યો. ભગવાન શંકરના મહિમાને ન સમજનાર દક્ષમહારાજ ક્રોધના આવેગમાં વિવેક ચૂકી ગયા અને બોલવા લાગ્યા, "આ નિર્લજ મહાદેવ સમસ્ત લોકપાલોની પવિત્ર કીર્તિને ધૂળમાં મેળવી રહ્યો છે. હે દેવગણ ! હે બ્રહ્મર્ષિગણ ! આ ઘમંડીને સત્પુરુષોના આચારધર્મને લાંછિત અને નષ્ટ કર્યો છે. વાનર સમાન નેત્રવાળા આને મેં મારી સાવિત્રી જેવી પવિત્ર કન્યા બ્રાહ્મણો અને અગ્નિની સાક્ષીએ અર્પણ કરી છે. તેથી એક રીતે આ મારા પુત્ર સમાન છે. ઉચિત તો એ છે કે આ શંકરે ઊભા થઈને મારું સ્વાગત કરવું જોઈએ, મને પ્રણામ કરવા જોઈએ, પરંતુ તેણે તો મારું વાણીથી પણ સ્વાગત કર્યું નથી.

જેમ કોઈ શૂદ્રને વેદ ભણાવે તેમ મેં અનિચ્છાએ છતાં ભાવિવશ આ શંકરને મારી સુકુમારી કન્યા પરણાવી છે. તેનું નામ જ શિવ છે, ખરેખર તો તે અશિવ-અમંગલ છે. ભૂતપ્રેત, પ્રમથ આદિ તમોગુણી સ્વભાવયુક્ત જીવોનો તે નેતા છે. મેં માત્ર બ્રહ્માજીના કહેવાથી આ આચારહીન,

દુષ્ટ સ્વભાવવાળા શંકરને મારી ભલીભોળી પુત્રી પરણાવી દીધી છે.''

દક્ષ પ્રજાપતિએ ખૂબ કટુવચનો કહ્યાં, તો પણ શંકરજીએ તેમનો કોઈ પ્રતિકાર ન કર્યો. દક્ષ પ્રજાપતિનો ક્રોધ ખૂબ વધી ગયો. તેમણે હાથમાં જળ લઈને ભગવાન શંકરને શાપ આપ્યો, ''આ શંકર દેવોમાં સૌથી અધમ છે. હવેથી ઈન્દ્ર-ઉપેન્દ્ર આદિ દેવો સાથે તેને યજ્ઞભાગ મળશે નહીં.''

સભામાં ઉપસ્થિત પ્રધાન સભાસદોએ દક્ષ પ્રજાપતિને શાપ આપતા રોકવાનો બહુ પ્રયત્ન કર્યો, પરંતુ તેમણે કોઈની વાત સાંભળી નહીં.

જ્યારે ભગવાન શંકરના અનુયાયીઓમાં અગ્રગણ્ય નંદીશ્વરને જાણ થઈ કે પ્રજાપતિ દક્ષે ભગવાન શંકરને શાપ આપ્યો છે ત્યારે તેઓ ક્રોધથી તમતમી ઊઠ્યા. નંદીશ્વરે દક્ષને તથા તેમનાં વચનોને અનુમોદન આપનાર બ્રાહ્મણોને ભયંકર શાપ આપ્યો, ''કોઈને પ્રત્યે દ્વેષભાવ ન રાખનાર ભગવાન શંકર પ્રત્યે દ્વેષભાવ રાખનાર આ મૂર્ખ દક્ષ યથાર્થ તત્ત્વજ્ઞાનથી વિમુખ જ રહો. આ મૂર્ખ દક્ષ કપટધર્મમય ગૃહસ્થાશ્રમમાં આસક્ત રહીને માત્ર સ્થૂળ કર્મકાંડમાં જ રત રહેનાર છે. તેની બુદ્ધિ દેહાદિમાં આત્મભાવ રાખનારી છે તેથી તે પશુ સમાન છે તેથી આ દક્ષ પશુની જેમ અત્યંત સ્ત્રીલંપટ જ રહો અને તેનું મુખ બકરાનું બની જાઓ.''

''જે લોકો આ દુષ્ટ દક્ષના અનુયાયીઓ છે, તેઓ જન્મ-મરણરૂપ સંસારચક્રમાં જ ફસાયેલા રહો. આ શંકરદ્રોહીઓ કર્મની જાળમાં જ ફસાયેલા રહેશે. આ બ્રાહ્મણો ભક્ષ્યાભક્ષ્યનો વિચાર છોડીને કેવળ પેટ ભરવા માટે વિદ્યા, તપ અને વ્રતાદિનો આશ્રય લેનાર થાઓ અને ધન તથા ઈન્દ્રિયોના સુખને જ સુખ માનનાર, તેમના જ ગુલામ બનીને દુનિયામાં ભીખ માગતાં ભટક્યા કરો.''

નંદીશ્વરના મુખેથી બ્રાહ્મણકુળ માટે આવો શાપ સાંભળીને ભૃગુજીએ સામો શાપ આપ્યો, ''જે લોકો શિવભક્તો છે તથા તેમના ભક્તોના અનુયાયીઓ છે, તેઓ સત્-શાસ્ત્રની વિરુદ્ધ આચરણ કરનારા અને પાખંડી બની જાઓ અને વેદમાર્ગથી વિરુદ્ધ પાખંડધર્મના અનુયાયી બની જાઓ.''

ભૃગુ ઋષિનો આવો શાપ સાંભળીને ભગવાન શંકર પોતાના અનુયાયીઓ સાથે તે સ્થાન છોડીને ચાલ્યા ગયા. ગંગા-યમુનાના સંગમસ્થાન શ્રીપ્રયાગરાજમાં પ્રજાપતિઓનો યજ્ઞ પૂરો થયો અને યજ્ઞાન્ત સ્નાન કરીને સૌએ ત્યાંથી વિદાય લીધી.

આ રીતે સસુર અને જમાઈ વચ્ચે વિરોધયુક્ત લાંબો સમય પસાર થયો. તે સમયે બ્રહ્માજીએ દક્ષ પ્રજાપતિને પ્રજાપતિઓના અધિપતિ બનાવ્યા. આ બનાવથી દક્ષ પ્રજાપતિનો ગર્વ વધી ગયો. તેમણે ભગવાન શંકર વગેરે બ્રહ્મનિષ્ઠોને યજ્ઞભાગ ન આપીને, તેમના તિરસ્કારપૂર્વક પહેલાં તો વાજપેયયજ્ઞ કર્યો અને પછી બૃહસ્પતિસવ નામના યજ્ઞનો પ્રારંભ કર્યો. આ યજ્ઞોત્સવમાં બધા બ્રહ્મર્ષિ, દેવર્ષિ, પિતૃઓ, દેવો વગેરે પોતાની ધર્મપત્નીઓ સાથે પધાર્યા.

જ્યારે દેવતાઓ આકાશમાર્ગે આ મહાયજ્ઞની ચર્ચા કરતા કરતા જઈ રહ્યા હતા ત્યારે તેમના મુખેથી દક્ષકુમારી સતીએ પિતાને ઘેર થનાર યજ્ઞની કથા સાંભળી. ભગવાન શંકર પ્રત્યેના દ્વેષથી પ્રેરાઈને પ્રજાપતિ દક્ષે શંકર અને સતીને યજ્ઞમાં પધારવાનું નિમંત્રણ આપ્યું ન હતું. આમ છતાં દેવો અને દેવીઓને આનંદ અને ઉત્સાહપૂર્વક યજ્ઞમાં જતાં જોઈને સતીને પણ પોતાના પિતાને ઘેર યજ્ઞમાં જવાની ઇચ્છા થઈ.

સતીએ શિવજીને કહ્યું, ''હે ભગવન્ ! સાંભળ્યું છે કે મારા પિતાને ઘેર એક મહાન યજ્ઞ છે. દેવો અને દેવીઓ વિમાનોમાં બેસીને આ યજ્ઞમાં મારા પિતાને ઘેર જઈ રહ્યા છે. મારી ખૂબ ઇચ્છા છે કે આપણે પણ મારા પિતા અને આપના સસુરને ઘેર આ મહાન યજ્ઞમાં જઈએ. મને મારા બહેનો-બનેવીઓ, મારી માતા વગેરેને મળવાની પણ ખૂબ ઇચ્છા છે. આ યજ્ઞમાં તેઓને મળવાની તક મળશે. વળી આ મહાન યજ્ઞનાં પણ દર્શન થશે. આપણને યજ્ઞમાં જવાનું નિમંત્રણ નથી, પરંતુ પિતાને ઘેર જવા માટે સંતાનોને નિમંત્રણ અનિવાર્ય નથી. પિતાને ઘેર તો નિમંત્રણ વિના પણ જઈ શકાય છે.''

''આપ પરમ જ્ઞાની છો છતાં આપે મને આપની અર્ધાંગના તરીકે સ્વીકારી છે, તો મારી યાચના છે કે આપ મારી આ ઇચ્છા પૂરી કરો.''

ભગવાન શંકર હસીને સતીને કહેવા લાગ્યા, ''દેવી ! તમે જે કહ્યું કે પોતાના પ્રિયજનોને ઘેર તો વિના નિમંત્રણે પણ જઈ શકાય છે. આ વાત સાચી છે, પરંતુ એ રીતે વિના નિમંત્રણે ત્યારે જ જઈ શકાય જ્યારે તેમના મનમાં આપણા પ્રત્યે દ્વેષભાવ ન હોય. જે લોકો દ્વેષયુક્ત રોષભરી દૃષ્ટિથી જોતા હોય તેમને ઘેર 'આ તો આપણા સ્વજનો છે' તેમ માનીને ક્યારેય જવું જોઈએ નહીં, કારણ કે તેમ કરવામાં કલ્યાણ નથી. દ્વેષયુક્ત કટુ વચનો તો તીક્ષ્ણ બાણોથી પણ કાતિલ હોય છે.''

''સતી ! હું જાણું છું કે તમે તમારા પિતાને, તેમની સૌ પુત્રીઓમાં સૌથી અધિક પ્રિય છો, પરંતુ મારા પ્રત્યેના દ્વેષને કારણે તમને તમારા પિતા તરફથી સ્નેહ કે માન તો નહીં મળે, પરંતુ તમારી ઘોર અવગણના થશે.''

સતીનાં મનમાં પોતાના પિતાના યજ્ઞમાં જવાની તીવ્ર ઇચ્છા છે અને સાથે સાથે ભગવાન શંકર નારાજ ન થાય તેવી ઇચ્છા પણ છે. બે પરસ્પર વિરોધી ઇચ્છાઓની વચ્ચે તેઓ વ્યાકુળ થઈ ગયાં. તેઓ ખૂબ ચંચળ બની ગયાં. સ્વજનોના સ્નેહવશ તેમનું હૃદય ભરાઈ ગયું. સતી ખૂબ વ્યાકુળ થઈને રડવા લાગ્યાં. શંકા, ક્રોધ અને રોષથી તેમનું ચિત્ત વ્યાકુળ બની ગયું. આખરે ભગવાન શંકરને છોડીને લાંબા લાંબા શ્વાસ લેતાં લેતાં સતી પોતાના પિતાને ઘેર જવા નીકળ્યાં.

સતી એકલા જ દક્ષ પ્રજાપતિને ઘેર જવા નીકળ્યાં છે તે જોઈને મહાદેવના મણિમાન, મદ આદિ હજારો સેવકો ભગવાનનાં વાહન વૃષભરાજને લઈને તેમની સાથે નીકળ્યા. તેઓએ સતીને વૃષભ પર બેસાડ્યાં. સૌ દક્ષ પ્રજાપતિના ઘર તરફ ચાલ્યાં. સતી પોતાના બધા સેવકો સાથે દક્ષની યજ્ઞશાળામાં પહોંચ્યાં.

યજ્ઞમંડપમાં ઋત્વિજો વેદમંત્રોનું ગાન કરી રહ્યા હતા. ચારેબાજુ બ્રહ્મર્ષિઓ અને દેવર્ષિઓ બિરાજમાન હતા. સતીએ યજ્ઞશાળામાં પ્રવેશ કર્યો, પરંતુ સતીના પિતા દક્ષમહારાજે તેમની ઘોર અવગણના કરી. પિતા દક્ષના ભયથી સતીની માતા અને બહેનો પણ તેમનો આદરસત્કાર કરી શક્યા નહીં.

સર્વલોકેશ્વરી અને ભગવાન શિવનાં અર્ધાંગના સતીનો યજ્ઞમંડપમાં ભારે અનાદર થયો. તેમણે જોયું કે યજ્ઞમાં ભગવાન શંકર માટે કોઈ ભાગ રાખવામાં આવ્યો નથી. આમ પિતા દક્ષ ભગવાન શંકરનું પણ અપમાન કરી રહ્યા છે. આ બધું જોઈને સતીને તીવ્ર ક્રોધ ચડ્યો. બધા સાંભળે તેમ દેવી સતી બોલ્યાં, ''ભગવાન શંકરથી મહાન આ સંસારમાં કોઈ નથી. તેઓ તો સર્વદેહધારીઓના પ્રિય આત્મા છે. તેમને કોઈ પ્રિય કે અપ્રિય નથી કે તેમને કોઈની સાથે રાગ-દ્વેષ નથી. ભગવાન શંકર તો સર્વના કારણરૂપ અને સર્વરૂપ છે. આપના સિવાય આ સંસારમાં એવું કોણ છે જે તેમની સાથે વિરોધ રાખે ? આવા મહાપુરુષની નિંદા જેવું જઘન્ય કાર્ય તો માત્ર દુષ્ટ પુરુષોને જ શોભા આપે છે.''

''જો કોઈ પોતાના પૂજનીય સ્વામીની નિંદા કરે તો, શક્તિ હોય તો નિંદકની જીભ કાપી લેવી પરંતુ શક્તિ ન હોય તો તે સ્થાનનો ત્યાગ કરવો જોઈએ. આપ ભગવાન શંકરની નિંદા કરો છો, તેમની સાથે વૈરભાવ રાખો છો, તેથી હવે આપના દ્વારા ઉત્પન્ન થયેલ શરીરને હું રાખવા ઇચ્છતી નથી. આપના જેવા દુર્જનની પુત્રી હોવાની મને લજ્જા આવે છે.''

યજ્ઞમંડપમાં દક્ષ પ્રજાપતિને આ પ્રમાણે કહીને દેવી ભગવતી સતી મૌન બનીને ઉત્તર દિશામાં મુખ રાખીને ભૂમિ પર બેસી ગયાં. તેમણે આચમન કરીને પીળું વસ્ત્ર ઓઢી લીધું. તેમણે આંખો બંધ કરી અને શરીર છોડવા માટે તેઓ અવસ્થિત થયાં.

સતીએ આસનને સ્થિર કર્યું. પ્રાણાયામ દ્વારા પ્રાણ અને અપાનને એકરૂપ કરીને નાભિચક્રમાં સ્થિર કર્યાં, પછી ઉદાનવાયુને નાભિચક્રથી ઉપર ઉઠાવીને ધીમે ધીમે બુદ્ધિની સાથે હૃદયમાં સ્થાપતિ કર્યો. પછી સતી તે હૃદયસ્થિત વાયુને કંઠમાર્ગથી ભ્રુકુટિની વચ્ચે લઈ ગયાં. ત્યારપછી સતીએ પોતાના સમગ્ર શરીરમાં વાયુ અને અગ્નિની ધારણા કરી. સતીએ પોતાના પતિ જગદ્‌ગુરુ ભગવાન શંકરનાં ચરણકમળનું ચિંતન કરતાં કરતાં બીજા સર્વ ધ્યાનને ભૂલાવી દીધાં. શિવજીનાં ચરણો સિવાય તેમને કશું જ દેખાયું નહીં. હું દક્ષકન્યા છું, તેવા અભિમાનથી પણ તેઓ મુક્ત થયાં. તેમનું શરીર તુરત જ યોગાગ્નિમાં બળી ગયું.

દક્ષના યજ્ઞમંડપમાં આ ઘટના જોઈને હાહાકાર મચી ગયો. આ ભયંકર કોલાહલ પૃથ્વી અને આકાશમાં સર્વત્ર ફેલાઈ ગયો. યજ્ઞમંડપમાં બેઠેલા સભાસદોએ પણ દક્ષના અનુચિત વ્યવહારની નિંદા કરી.

સતીનો અદ્‌ભુત પ્રાણત્યાગ જોઈને શિવજીના પાર્ષદો અસ્ત્ર-શસ્ત્ર લઈને પ્રજાપતિ દક્ષને મારવા માટે તૈયાર થયા. તેમના આક્રમણને જોઈને ભૃગુ ઋષિએ 'अपहतं रक्ष...' ઈત્યાદિ મંત્રોનું ઉચ્ચારણ કરીને દક્ષિણાગ્નિમાં આહુતિ આપી. તેનાથી યજ્ઞકુંડમાંથી ઋભુ નામના હજારો તેજસ્વી દેવતાઓ પ્રગટ થયા. તેમણે સળગતી લાકડીઓ લઈને આક્રમણ કર્યું. ગૃહ્યક, પ્રમથગણ વગેરે શિવગણો ચારેબાજુ ભાગી ગયા.

જ્યારે ભગવાન શંકરે નારદજી દ્વારા સમાચાર સાંભળ્યા કે દક્ષયજ્ઞમાં અપમાનિત થઈને સતીએ પ્રાણનો ત્યાગ કર્યો છે અને ભૃગુઋષિની આહુતિથી યજ્ઞકુંડમાંથી ઉત્પન્ન ઋભુદેવોએ શિવગણોને મારીને ભગાડી મૂક્યા છે ત્યારે શિવજીને અત્યંત ક્રોધ થયો. તેમણે ઉગ્ર સ્વરૂપ ધારણ કર્યું. શિવજીએ જટા ખોલી અને તેને જોરથી પૃથ્વી પર પછાડી. તેમાંથી એક પ્રચંડ કદનો પુરુષ ઉત્પન્ન થયો. શ્યામવર્ણના અતિ વિશાળ અને ઉગ્ર પુરુષને એક હજાર ભુજાઓ હતી. બધી ભુજાઓમાં અનેક પ્રકારનાં અસ્ત્ર-શસ્ત્ર હતાં. જ્યારે આ પુરુષે હાથ જોડીને શિવજીને પૂછ્યું, ''ભગવન્ ! હું શું કરું ?'' ત્યારે ભૂતનાથ શિવજીએ તેને કહ્યું, ''વીરભદ્ર! તું મારો અંશ છે. તું મારા પાર્ષદોનો અધિનાયક બનીને જા અને બહુ ત્વરાથી દક્ષ અને તેના

યજ્ઞનો વિધ્વંસ કરી નાંખ.''

મહાદેવની આજ્ઞા સાંભળીને, તેમને પરિક્રમા કરીને, હાથમાં પ્રચંડ કદનું ત્રિશૂળ લઈને વીરભદ્ર દક્ષની યજ્ઞભૂમિ તરફ દોડ્યા. રુદ્રના બીજા સેવકો પણ શસ્ત્રો ધારણ કરીને તેમની પાછળ દોડ્યા.

વીરભદ્ર અને શિવગણોએ સાથે મળીને દક્ષના યજ્ઞનો વિધ્વંસ કરી નાખ્યો. યજ્ઞકુંડ, યજ્ઞમંડપ, અતિથિશાળા, ભોજનશાળા, યજ્ઞનાં ઉપકરણો આદિ સર્વનો નાશ કરી નાખ્યો. ઋત્વિજો, સદસ્યો, દેવો વગેરે નાસી ગયા.

વીરભદ્રે ભૃગુજીની દાઢી-મૂછ ખેંચી લીધી. તેમણે ભગદેવતાની આંખો કાઢી લીધી. તેમણે પૂષાના દાંત તોડી નાખ્યા. ત્યારપછી વીરભદ્ર દક્ષની છાતી પર બેસી ગયા અને તલવારથી તેમનું મસ્તક કાપવા લાગ્યા પરંતુ તલવાર અને અન્ય કોઈ અસ્ત્ર-શસ્ત્ર જ્યારે દક્ષની ત્વચાને કાપી ન શક્યાં ત્યારે વીરભદ્રે વિચારીને જે રીતે યજ્ઞપશુના મસ્તકને કાપવામાં આવે છે તે જ રીતે દક્ષનાં મસ્તકને ધડથી અલગ કરી નાખ્યું. શિવગણોએ વીરભદ્રના આ કાર્યની ખૂબ પ્રશંસા કરી. વીરભદ્રે અત્યંત ક્રોધમાં આવીને દક્ષના મસ્તકને દક્ષિણાગ્નિમાં નાખી દીધું. તેમણે યજ્ઞશાળાને આગ લગાડીને ભસ્મીભૂત કરી અને પોતે



કૈલાસમાં પાછા આવી ગયા.

આ રીતે વીરભદ્ર અને રુદ્રગણો દ્વારા છિન્નભિન્ન થયેલા દેવો, ઋત્વિજો અને સદસ્યો બ્રહ્માજી પાસે ગયા. દેવતાઓએ દક્ષના યજ્ઞમાં બનેલી સર્વ ઘટનાઓ બ્રહ્માજીને કહી. બ્રહ્માજીએ દેવોને કહ્યું, ''શિવજીની અવગણના કરવાનું આ પરિણામ છે. હવે આપ શિવજીને શરણે જાઓ. તેમને પ્રાર્થના કરો. તેમની કૃપાથી યજ્ઞ પરિપૂર્ણ થશે.''

બ્રહ્માજી સહિત દેવો કૈલાસ પર્વત પર ભગવાન શિવજી પાસે ગયા. સૌએ શિવજીને પ્રાર્થના કરી તેમની ક્ષમા માગી અને યજ્ઞમાં પધારી યજ્ઞ પરિપૂર્ણ કરાવવા વિનવણી કરી. ભગવાન શંકર તો પરમ કારુણિક છે. તેઓ બ્રહ્માજી અને દેવો, ઋત્વિજો વગેરે સાથે યજ્ઞભૂમિ પર આવ્યા.

દક્ષ પ્રજાપતિને બકરાનું મસ્તક લગાડીને જીવિત કર્યા; ભૃગુઋષિને બકરાનાં દાઢીમૂછ જોડી આપ્યાં. ભગદેવ મિત્રની આંખોથી યજ્ઞભાગને જોઈ શકશે. પૂષા યજમાનના દાંતોથી ભક્ષણ કરશે. જે દેવોનાં અંગો ભાંગી ગયાં છે તે સ્વસ્થ થઈ ગયાં. ઋત્વિજોમાંના જેમની ભુજાઓ ભાંગી ગઈ હતી તે અશ્વિનીકુમારોએ જોડી આપી.

દક્ષ પ્રજાપતિ જીવિત થયા. તેમનું ચિત્ત માલિન્યથી મુક્ત થયું. તેમણે ભગવાન શંકરની ક્ષમા માગી અને યજ્ઞપરિપૂર્તિ માટે પ્રાર્થના કરી. યજ્ઞનો પ્રારંભ થયો. ભગવાન વિષ્ણુ માટે તૈયાર કરેલ પુરોડાશ નામના ચરુની આહુતિ આપી. યજમાન દક્ષમહારાજે ભગવાન શ્રીહરિનું ધ્યાન ધર્યું અને તે જ ક્ષણે ભગવાન યજ્ઞભૂમિમાં પ્રગટ થયા. ભગવાન પધાર્યા છે તે જાણીને બ્રહ્માજી, શિવજી, ઈન્દ્રાદિ દેવો, ગંધર્વો, ઋષિઓ, ઋત્વિજો વગેરે સૌ તુરત ઊભા થઈ ગયા. સૌએ ભગવાન શ્રીહરિને પ્રણામ કર્યા.

દક્ષમહારાજ, ઋત્વિજો, સદસ્યો, રુદ્ર, ભૃગુ, બ્રહ્માજી, ઈન્દ્ર, યાજ્ઞિક-પત્નીઓ, ઋષિઓ, સિદ્ધો, યજમાનપત્ની, લોકપાલો, યોગેશ્વરો, અગ્નિ, દેવો, ગંધર્વો, વિદ્યાધરો, બ્રાહ્મણો આદિ સૌએ ભવાન શ્રીહરિને પ્રાર્થના કરી.

આ રીતે દક્ષયજ્ઞની સારી રીતે પરિપૂર્તિ થઈ. બ્રહ્મા, વિષ્ણુ અને શિવ તો એક જ છે તેમ સમજીને યજ્ઞમાં શિવજીનો ભાગ પણ નિશ્ચિત થયો.

યજ્ઞ પૂરો થયા પછી સૌ પોતપોતાનાં સ્થાને ગયા.

સૌ પોતપોતાનાં સ્થાનોમાં ગયા, પરંતુ શિવજી સતીના મૃતદેહને જોઈને શોકાતુર થયા અને સતીના દેહને પોતાના ખભા પર મૂકીને શોકાતુર અવસ્થામાં સમગ્ર બ્રહ્માંડમાં વિચરણ કરવા લાગ્યા. શિવજીની આવી ઉન્મત્ત અવસ્થા જોઈને ભગવાન વિષ્ણુએ પોતાનાં ચક્રથી સતીનાં દેહના ૫૧ ટુકડા કરી નાંખ્યા. સતીનાં દેહના આ ૫૧ અંશો જ્યાં

જ્યાં પડ્યા તે સ્થાન પર શક્તિપીઠની સ્થાપના થઈ.

ત્યારપછી ભગવાન શંકર કૈલાસમાં દીર્ઘકાલીન સમાધિમાં લીન થયા.

સતીએ હિમાલય અને મેનાની પુત્રીરૂપે દ્વિતીય જન્મ ધારણ કર્યો. પર્વતનાં પુત્રી હોવાથી પાર્વતી કહેવાયાં.

તારકાસુર નામનો એક મહાન દૈત્ય દેવોને ખૂબ કષ્ટ આપતો હતો. દેવો આ દૈત્યના કષ્ટમાંથી મુક્ત થવા માટે બ્રહ્માજી પાસે ગયા. બ્રહ્માજીએ દેવોને કહ્યું, ''આ તારકાસુરનો નાશ કરવા માટે હું, શિવજી કે વિષ્ણુ પણ સમર્થ નથી એવું તેને વરદાન છે. શિવજીને પુત્ર જન્મે તો તે પુત્રથી તારકાસુરનો નાશ થઈ શકે.''

પરંતુ શિવજીને પુત્ર થાય કેવી રીતે ? શિવજી તો દીર્ઘકાલીન સમાધિમાં લીન થઈ ગયા છે. શિવજીને પતિરૂપે પામવા માટે પાર્વતીજીએ ઘોર તપશ્ચર્યાનો પ્રારંભ કર્યો. ઈન્દ્રાદિ દેવોએ શિવજીને સમાધિનો અને તમની તપશ્ચર્યાનો ભંગ કરી તેમને પાર્વતી સાથે લગ્ન કરવા માટે તૈયાર કરવા જોઈએ. આમ બને કેવી રીતે ? તેમની સમાધિનો ભંગ થાય કેવી રીતે ? તેમને લગ્ન માટે તૈયાર કરવા કેવી રીતે ? વ્યક્તિ પોતાની દૃષ્ટિ પ્રમાણે ઉપાય યોજે છે. ઈન્દ્રે પણ પોતાની દૃષ્ટિ, પોતાના વિવેક પ્રમાણે ઉપાય યોજ્યો.

કામદેવ કૈલાસ પર્વત પર ગયા. સાથે વસંત, મલય, અપ્સરાઓ આદિ પોતાની સેના લીધી છે. કામદેવે પોતાની જાળ બિછાવી. કામદેવે શિવજી પર બાણ ફેંક્યાં. શિવજીની સમાધિ તો તૂટી, શિવજીએ ત્રીજું નેત્ર ખોલ્યું. તેમની દૃષ્ટિમાત્રથી કામદેવ બળીને ભસ્મ થયા. આત્મદૃષ્ટિ સામે ટકવાનું કામનું શું ગજું ? કામદેવ અનંગ, શરીર વિનાના બન્યા.

પાર્વતીજીની તપશ્ચર્યાથી શિવજી પ્રસન્ન થયા. શિવજીએ દેવોને કષ્ટદાયી તારકાસુરનો ઉપદ્રવ સાંભળ્યો. દેવોની પ્રાર્થના તેમણે સાંભળી. નારદજી, સપ્તર્ષિ આદિની મધ્યસ્થી થઈ અને જગતના કલ્યાણ માટે શિવજી પાર્વતીજી સાથે લગ્ન કરવા તૈયાર થયાં.

શિવ-પાર્વતીનાં લગ્ન થયાં. જેઓ સદાસર્વદા અભિન્ન છે, તેમનાં લગ્ન થયાં ! દક્ષકન્યા હિમાલયસુતા બનીને તપશ્ચર્યા દ્વારા પુનઃ શિવ સાથે સંલગ્ન થયાં. કાર્તિકેયનો જન્મ થયો. દેવોને સેનાપતિ મળ્યા અને તારકાસુરનો વધ થયો. દેવોનો જય થયો.

પૌરાણિક કથાનો સ્થૂળ અર્થ સત્ય છે, પરંતુ આ કથાઓના સ્થૂળ અર્થમાં જ તેમની ઇતિશ્રી નથી. આ કથાઓનો સૂક્ષ્મ આધ્યાત્મિક અર્થ પણ સમજવો જોઈએ.

હવે આપણે શિવ-પાર્વતીની આ કથાનો આધ્યાત્મિક અર્થ સમજીએ.

(૧) ભગવાન શંકર આત્મતત્ત્વ છે. તે જ પરમાત્મા છે. તેમની અભિન્ન શક્તિ તે જ પાર્વતી કે સતી છે. તેમનું જ એક નામ ઉમા પણ છે. આ 'ઉમા' શબ્દ દ્વારા તેમના સ્વરૂપ પર ઘણો મૂલ્યવાન પ્રકાશ પડે છે.

શિવજી પરબ્રહ્મ પરમાત્મા છે અને પાર્વતીજી તેમની જ અભિન્ન શક્તિ છે. પરબ્રહ્મ પરમાત્માનું સર્વશ્રેષ્ઠ નામ છે - ઓમ્ અર્થાત્ અઉમ્. તેમની શક્તિ ઉમા કે પાર્વતી જ્યારે આ સૃષ્ટિમાં અવતરે છે, સર્જન માટે સક્રિય બને છે, ત્યારે તે આદ્યશક્તિ પોતાના મૂળ સ્વરૂપથી વિપરીત સ્વરૂપ ધારણ કરે છે, જે પરમોચ્ચની અભિન્ન શક્તિ છે તે અહીં આ સ્થૂળ જગતમાં સાવ નીચે ઊતરી આવે છે. સ્વરૂપતઃ તે શિવતત્ત્વ અર્થાત્ અઉમ સાથે એકરૂપ છે, પરંતુ સૃષ્ટિસર્જન માટે તે પોતાના મૂળ સ્વરૂપનો ત્યાગ કર્યા વિના વિપરીત સ્વરૂપના ધર્મો ધારણ કરે છે. વિપરીત સ્વરૂપ ધારણ કરે છે તે પ્રમાણે વિપરીત નામ પણ ધારણ કરે છે. ઓમ અથવા અઉમ્નું વિપરીત નામ તે જ ઉમ અ અર્થાત્ ઉમા છે.

આમ ઉમા એટલે અઉમ્ - શિવની આ વિશ્વમાં ઊતરી આવતી અભિન્ન શક્તિ અઉમ્ = ઓમ તે શિવ છે.

ઉમ + અ = ઉમા તે શિવજીની શક્તિ પાર્વતી છે. શિવજી તો સદા નિર્લિપ્ત છે. પાર્વતીજી આ જગત સાથે સંલગ્ન થાય છે, માટે તે ઉમા છે. આ વિરપીત પ્રક્રિયા તેના નામ 'ઉમા' દ્વારા સૂચિત થાય છે.

(૨) શિવજી આત્મતત્ત્વ છે.

પાર્વતી = ઉમા તેમની અભિન્ન શક્તિ મહામાયા - યોગમાયા - આદ્યશક્તિ છે.

બ્રહ્માજી ચિત્ત છે. પુરાણોમાં અનેક સ્થળે બ્રહ્માજીને ચિત્ત (Cosmic Mind) કહેલ છે.

દક્ષ પ્રજાપતિ અહંકાર છે. અહંકાર ચિત્તમાંથી જન્મે છે. દક્ષ પ્રજાપતિ બ્રહ્માજીના પુત્ર છે.

અહંકાર આ સંસારનું સર્જકતત્ત્વ છે. દક્ષ પ્રજાપતિ પણ પ્રજાના સર્જક હોવાથી પ્રજાપતિ છે. પ્રજાપતિઓના પણ આગેવાન છે.

શિવજીની શક્તિ પાર્વતી-ઉમા જ્યારે શિવજીને છોડીને દક્ષ પ્રજાપતિની પુત્રી બને છે, ત્યારે તેનાથી અનર્થ જન્મે છે. આત્માની જ અભિન્ન શક્તિ આત્માથી વિમુખ બને અને અહંકારનો આશ્રય લે ત્યારે તેમાંથી અનર્થ જન્મે છે.

આત્માની શક્તિ-ઉમા આત્મા-શિવથી વિમુખ બને અને અહંકાર-દક્ષ સાથે સંલગ્ન બને ત્યારે તેમાંથી અનર્થ-

દુઃખ જનમે છે.

પ્રકૃતિ આત્માનો આશ્રય છોડીને અહંકારનો આશ્રય સ્વીકારે ત્યારે તેમાંથી સંસારરૂપી અનર્થ જ જન્મે છે.

આ કથા દ્વારા અધ્યાત્મજગતનું એક મૂલ્યવાન સત્ય સૂચિત થાય છે.

(૩) દક્ષ પ્રજાપતિ જડ અને દૃષ્ટિહીન કર્મકાંડના પ્રતીક છે. જો કર્મકાંડની દૃષ્ટિ આત્મતત્ત્વ-શિવતત્ત્વ પર હોય, તો કર્મકાંડ સાર્થક બને છે. કર્મકાંડ જો શિવતત્ત્વથી રહિત બને, શિવતત્ત્વથી વિમુખ બને, તો તેવો કર્મકાંડ નિરર્થક બની જાય છે. **किमर्थं क्रियते क्रिया**ની સ્પષ્ટ સમજ હોવી જોઈએ. ઉપયુક્ત દૃષ્ટિ હોવી જોઈએ. જો કર્મકાંડ આત્માભિમુખ હોય તો તે સાર્થક બને છે, પરંતુ કર્મકાંડ આત્માથી વિમુખ હોય તો વ્યર્થ છે. આત્માથી વિમુખ કર્મકાંડ અહંકાર અને આસક્તિઓનો પોષક બને છે; એટલું જ નહીં પણ જો યજ્ઞ - કર્મકાંડ શિવતત્ત્વનો વિરોધી બને તો અનર્થનું કારણ પણ બને છે અને તેથી વિધ્વંસને પાત્ર બને છે. દક્ષ પ્રજાપતિ જડ કર્મકાંડી છે. તેઓ શિવતત્ત્વનો ઈનકાર કરે છે, એટલું જ નહીં પરંતુ શિવતત્ત્વના વિરોધી પણ બને છે, તો પરિણામે તેમનો અને તેમના યજ્ઞનો વિધ્વંસ થાય છે.

જે જડ અને દૃષ્ટિહીન કર્મકાંડ આત્મા પ્રત્યે દોરી ન જાય, તે અહંકારની પુષ્ટિ કરે છે. આત્મા સહિતનો કર્મકાંડ મૂલ્યવાન અધ્યાત્મસાધન છે અને અહંકારમાંથી મુક્તિનું સોપાન બની શકે છે. આત્મતત્ત્વ રહિત કર્મકાંડ વ્યર્થ જ નહીં, વિનાશકારી પણ બની શકે છે.

યજ્ઞના અધિષ્ઠાતા જ શિવતત્ત્વ છે. શિવતત્ત્વની જ અવગણના કરવામાં આવે તો તેવો યજ્ઞ અધ્યાત્મનું નહીં, પરંતુ વિનાશનું સોપાન બને છે. તેથી યજ્ઞમાં પ્રારંભથી જ શિવતત્ત્વ-આત્મતત્ત્વની પ્રતિષ્ઠા થવી જોઈએ.

(૪) આત્માની શક્તિ આત્માનો આશ્રય છોડીને અહંકાર સાથે જોડાય ત્યારે અનર્થ સર્જાય છે, દુઃખ આવે છે, પરંતુ અહંકારનો આશ્રય છોડીને પુનઃ શિવતત્ત્વ - આત્મતત્ત્વ સાથે જોડાઈ શકે છે. પરંતુ તે માટે ઘણી તપશ્ચર્યા, ઘણી સાધના કરવી પડે છે. સતીનો યજ્ઞમંડપમાં દેહત્યાગ, પાર્વતી તરીકે જન્મ, સુદીર્ઘ તીવ્ર તપશ્ચર્યા અને શિવ-પાર્વતી વિવાહનો આવો આધ્યાત્મિક અર્થ છે.

શિવજીની શક્તિ આખરે તો શિવજી સાથે જ જોડાય છે. તે જ તેની નિયતી છે.

(૫) કર્મ જડ અહંકાર - દક્ષ પ્રજાપતિને બકરાનું મસ્તક લગાડવામાં આવે છે. બકરો અહંકાર અને આસક્તિનું પ્રતીક છે. બકરો 'મૈં મૈં' બોલ્યા કરે છે. દક્ષ કર્મજડ છે, અહંકાર છે - આ સત્ય તેમને મળેલા બકરાના મસ્તક દ્વારા સૂચિત કરવામાં આવે છે.

અહંકાર ભગવાન શિવનો - આત્મતત્ત્વનો શરણાગત થાય તો તે શિવાશ્રિત તરીકે જીવી શકે છે, પરંતુ તેમ ન કરે તો તે નાશને પાત્ર છે. અહંકાર દાસ થઈને ભલે જીવે, અન્યથા મોતને જ યોગ્ય છે. ઠાકુર શ્રીરામકૃષ્ણદેવ કહેતા કે દાસનો અહંકાર, શરણાગતનો અહંકાર બાધારૂપ બનતો નથી.

(૬) કામ બળિયો છે, મહાબળવાન છે. પરંતુ આત્મા-શિવતત્ત્વની સામે ટકી શકે નહીં, બળીને ભસ્મ થઈ જાય છે. કામદેવ અહંકારની સેના છે, અંધકારની સેના છે. શિવતત્ત્વ આત્મતત્ત્વ છે, પ્રકાશનો પુંજ છે તેથી કામદેવ શિવતત્ત્વ સામે ટકી શકે નહીં. આત્માની - શિવની દૃષ્ટિ પડતાં જ કામદેવ તુરત બળીને ભસ્મ થઈ જાય છે. કામદેવ મોહિત અવસ્થામાં જ ટકી શકે, આત્માવસ્થામાં ન જ ટકી શકે. આત્માની દૃષ્ટિ, આત્માનો વિવેક કામને બાળીને ભસ્મ કરવા માટે પર્યાપ્ત છે. કામદહનની કથાનો આવો સંકેત છે.

(૭) હિમાલય ભૂમાનું પ્રતીક છે. ભૂમા એટલે સર્વોચ્ચ બૃહત્ તત્ત્વ, અર્થાત્ બ્રહ્મતત્ત્વ. ઉમા હિમાલયની પુત્રી બને તો પુનઃ આત્મતત્ત્વને-શિવતત્ત્વને પામી શકે છે. શિવતત્ત્વને પામવા માટે દક્ષે આપેલું શરીર છોડીને હિમાલયના પુત્રી બનવું પડે છે.

આ રીતે આધ્યાત્મિક અર્થના વિવેચનથી કોઈ રખે એમ માને કે શિવજી, સતી-ઉમા-પાર્વતી, બ્રહ્માજી, દક્ષ આદિ પાત્રો કાલ્પનિક છે. કથાનાં આધ્યાત્મિક અર્થનો વિચાર-વિવેક કરીએ તેનો અર્થ એમ નથી જ કે કથાનાં પાત્રો, કથામાં આવતી ઘટના કાલ્પનિક છે. જ્યારે આપણે કથાનો આધ્યાત્મિક અર્થ સમજીએ છીએ ત્યારે આધિદૈવિક અને આધિભૌતિક અર્થનો ઈનકાર કરતા નથી. આ ત્રણે અર્થો એકસાથે સાચા હોય છે. આપણા આધ્યાત્મિક સાહિત્યની એ જ તો મહત્તા છે. વ્યાસ, વાલ્મીકિ જેવા સમર્થ મહાકવિઓની કૃતિઓની રચના જ એવી હોય છે કે આ કૃતિઓના એકસાથે અનેક અર્થો સાચા હોય છે અને આ વિભિન્ન અર્થો વચ્ચે કોઈ વિરોધ પણ હોતો નથી.

કથાની રચના એવી રીતે કરવામાં આવે છે કે તેમાં વર્ણવાતી ઘટના સત્યઘટના હોય છે અને તેમાંથી આધ્યાત્મિક અર્થ પણ નિષ્પન્ન થતો હોય છે.

શિવ, ઉમા, દક્ષ, બ્રહ્માજી આદિ પાત્રો સૂક્ષ્મ જગતનાં દૈવી પાત્રો છે. તે સત્ય છે અને સાથે સાથે આ કથામાંથી આધ્યાત્મિક અર્થ નિષ્પન્ન થાય છે તે પણ સત્ય છે.

આપણી પુરાણકથાઓનો આવો મહિમા છે.

તમો તો સંસારમાં શોભો એવા છો !

- સાધુ યજ્ઞવલ્લભદાસ



કાવ્યરચનામાં કુશળ બ્રહ્માનંદ સ્વામીના જીવનમાં કેટલીક પરીક્ષાની ઘડીઓ આવી હતી. સહજાનંદી સુખમાં રમમાણ બ્રહ્માનંદ સ્વામીની સાથે કેટલાક વિદ્વાનો ચર્ચા કરવા આવતા અને ભગવાન શ્રી સ્વામિનારાયણ ભગવાન નથી એવું કહેતા. એ સમયે પોતાની ધારદાર કાવ્યશક્તિના સહારે સ્વામી એમને રોકડો જવાબ આપતા.

મૂળીમાં મંદિરનું નિર્માણ ચાલતું હતું. બ્રહ્માનંદ સ્વામી દેખભાળ કરી રહ્યા હતા. આ અરસામાં ગામમાં રહેતા કોઈ ચારણને ત્યાં લગ્નપ્રસંગે દેશદેશાવરોના ચારણ કવિઓ આવેલા. એમને ખબર મળ્યા કે આપણી જ જ્ઞાતિના બ્રહ્માનંદ કરીને કોઈ સંત અહીં રહે છે. તેથી તેઓ સ્વામીને મળવા મંદિરમાં આવ્યા.

કચ્છ, ગુજરાત, હાલાર, ગોહિલવાડ, સોરઠ અને ઝાલાવાડ આદિક પ્રદેશોના એ ચારણ કવિઓનો સ્વામીએ સત્કાર કર્યો. થોડી વાતચીત થઈ. પછી પોતાની કાવ્યશક્તિના અભિમાનમાં રાચતા એ કવિઓએ બ્રહ્માનંદ સ્વામીને એકસાથે છ પ્રશ્નો પૂછ્યા :

(૧) સાગરની પુત્રીનું નામ શું ?
(૨) જીવનો વાસ ક્યાં છે ?
(૩) તીર્થ કરવા જાઉં કે ન જાઉં ?
(૪) ગોપપતિ કોણ ગોકુળ ગામી ?
(૫) સતી સ્ત્રીને વહાલું કોણ ? અને
(૬) આ કલિયુગમાં જનોને નિષ્કામી કોણ કરે છે ?

પ્રશ્નો સાંભળી સ્વામી એમનો મથોરથ પામી ગયા. મંદ મંદ હસતા સ્વામીએ અંતલોપિકા સવૈયો બોલ્યા. જેમાં છેલ્લી લીટીમાં જ બધા જ પ્રશ્નોના ઉત્તર આપી દીધા.

"પ્રશ્ન સુણી મુનિ બ્રહ્મ કહે,
સુણો ઉત્તર શ્રી સહજાનંદસ્વામી."

પ્રશ્નો	**ઉત્તર**
કોણ સુતા શુભ સાગરની ?	શ્રી
કહીં વાસ વસે જીવ અંતરજામી ?	સહ (સાથ)
તીરથ કારણ જાઉં ન જાઉં ?	જા
ગોપ પતિ કોણ ગોકુળ ગામી ?	નંદ
કોણ કરે સતીને અતિ વલ્લભ ?	સ્વામી
કોણ કરે જનને નિષ્કામી ?	શ્રીસહજાનંદ સ્વામી

ઉપર મુજબ છએ પ્રશ્નોના ઉત્તર માત્ર અંતલોપિકા સવૈયા છંદની એક છેલ્લી પંક્તિમાં સાંભળી સૌ કવિરાજો નતમસ્તક થઈ ગયા.

સ્વામીના બુદ્ધિબળની અને શીઘ્ર કાવ્યરચનાનાં વખાણ કરવા લાગ્યા. પછી કોઈ અવળચંડો યુવાન બોલ્યો, "મહાત્મા ! આપની પાસે આટલી બધી અઢળક કવિત્વશક્તિ હોવા છતાં, શા માટે બાવા થઈ ગયા ? તમો તો સંસારમાં શોભો એવા છો ! જેને ખાવા ન મળે, જેનામાં કોઈ શક્તિ ન હોય તેવા લોકો ફકીરી લે તે બરાબર, પરંતુ આપ તો સર્વશક્તિસભર છો. વળી, ઈશ્વરકૃપાથી મળેલી આ બુદ્ધિશક્તિ અને સુંદર શરીરથી વિષયભોગની મજા માણવી જોઈએ ! ફરી પાછો આવો રૂડો અવસર થોડો આવવાનો છે ?"

મોહના ઘોડે ચડેલા મૂર્ખ પુરુષોના વિષયમંડનાત્મક શબ્દોને અટકાવી બ્રહ્માનંદ સ્વામીએ સીધા-સાદા- સરળ છતાં સચોટ અને મર્મવેધક શબ્દોનો ઉપયોગ કરી કાવ્યરચના દ્વારા અને સુરા-સુંદરીનાં સુખમાં મોહાંધ બનેલા એ વિષયી યુવાનોને ઉદ્દેશીને સંભળાવવા લાગ્યા.

જોતજોતાંમાં આઠ પદો રજૂ થયાં. કહેવાય છે કે એ ચારણી કવિઓ સ્વામીનો આ ઉપદેશ સાંભળીને વહેમ, વ્યસન અને વિષય છોડી સત્સંગી થયા. ભગવાન શ્રી સ્વામિનારાયણનું ભજન કરતા થયા અને પોતાનો જન્મ સુફળ કરી લીધો.

એ સમયે જે પદોની રચના થઈ તેમાંથી એક પદનો આસ્વાદ માણીએ :

દાટ્યો રહેને ચોર દૈવના,
શું મુખ લઈને બોલે જી,
સ્વારથ કારણ શ્વાન તણી પેર,
ઘર ઘર ફરતો ડોલે જી...
આતમ સાધન કાંઈ ન કીધું,
માયામાં ભરમાણો જી,
લોક કુટુંબની લાજે લાગ્યો,
સઘળેથી લૂંટાણો જી...
પેટને અર્થે પાપ કરતાં
પાછું ફરી ન જોયું જી,
કોડી બદલે ગાફલ કુબુદ્ધિ,
રામ રતન ધન ખોયું જી...
વિષય વિકાર હૈયામાં ધાર્યા,
વિસાર્યા મોરારી જી,
મૂરખ તેં આમે દશ મહિના,
જનની ભારે મારી જી...
સંત પુરુષની સોબત ન ગમે,
ભાંડ ભવાઈમાં રાજી જી,
બ્રહ્માનંદ કહે નરતન પામી,
હાર્યો જીતી બાજી જી...

સદ્‌ગુરુ બ્રહ્માનંદ સ્વામી સ્પષ્ટ શબ્દોમાં રાગી પુરુષોના મોહ ઉપર મજબૂત ફટકા મારતા હોય તેમ કહેવા લાગ્યા કે, 'હે દેવના ચોર ! તું કયા મુખે આવી વિષયી વાતો કરે છે ? ગર્ભવાસની ભયંકર પીડામાંથી મુક્ત થવા તું જ પ્રભુની આગળ કરગરતો હતો અને કહેતો હતો કે 'હે પ્રભુ ! જન્મ ધારણ કરીને હું તમારું ભજન કરીશ.'

ભગવાનને આવો કોલ આપી જામીન ઉપર છૂટ્યો હોવા છતાં ભગવાનને ભૂલી સુંદરીના સુખની પાછળ શું પડ્યો છે ? ભગવાનને આપેલો કોલ તું પાળતો ન હોવાથી તું એમનો ચોર છે. હે મૂઢ જીવાત્મા ! ક્ષણિક વિષયસુખને મેળવવા અને સ્વાર્થના પોષણ ખાતર કૂતરાની પેઠે વિષયનાં વલખાં મારતો ઘર-ઘર શાં માટે ભમી રહ્યો છે ?

તું જે માયાના સુખમાં ભરમાણો છે એ સુખ નાશવંત અને તુચ્છ છે. એવા અસાર સુખને મેળવવામાં આખી જિંદગી ખોવાઈ ગઈ, એટલું જ નહીં પરંતુ કેટલાક જન્મ પણ ખોયા, તો પણ વિષય સુખની તૃપ્તિ નથી થઈ. તેમ આત્માની શાંતિ માટે આધ્યાત્મિક સાધન એક પણ ન થઈ શક્યું.

કેવળ લોક અને કુટુંબની લાજમાં લેવાઈ જઈ અવસ્થા, શક્તિ અને સમય જેવાં અમૂલ્ય રત્નો લૂંટાઈ ગયાં છતાં હજુ સમજતો નથી ? ફૂટી કોડી જેવા પંચવિષયના સુખને બદલે, હે ગાફલ ! હે કુબુદ્ધિવાળા ! ભગવાન જેવું અણમૂલું રતન તેં ખોઈ નાખ્યું. એક મોટી કોઠીમાં સરસવના દાણા સમાય એથી અનંત ગણા અધિક વિષયસુખના સંકલ્પો હૈયામાં ભર્યા છે. તેણે કરી અહર્નિશ વિષયનું જ ચિંતવન થાય છે. એમાં ભગવાન ક્યાંથી સાંભરે ?

જીવાત્માનાં શ્રેય અને પ્રેયને દૃષ્ટિમાં રાખી બ્રહ્માનંદ સ્વામીની કલમ થોડી આકરી થાય છે. સ્વામી કહે છે, 'હે મૂર્ખ ! ગર્ભમાં દીધેલા કોલને તારે ભૂલી જ જવો હતો તો પછી દશ મહિના સુધી શા માટે જનનીને ભારે મારી ? તારા કરતાં કોઈ પથ્થરને જન્મ આપ્યો હોત તો મંદિરનાા ચણતર ઉપયોગ તો આવત.

હે ગાફેલ ! બેગરજુ ! તને સંત-પુરુષની સોબત ગમતી નથી. ભાંડ-ભવાઈ જોવામાં જ તું રાજી થા છો. દેવોને દુર્લભ એવું આ મનુષ્યતન પામવારૂપ તું બાજી જીત્યો હતો; પરંતુ દેહ, ગેહ, છોકરાં, કુટુંબ-કબીલા અને સ્વાર્થીલા સગાં-સંબંધીનું ભરણ પોષણ કરવામાં તેમ જ સુંદરીનાં સુખની પાછળ પાગલ બની મનુષ્યતન પામવારૂપ બાજી હારી ગયો છે. માટે સુજ્ઞજનો ! તમે જેને સુખ માનો છો, એ સુખ અવિનાશી નથી. તમે જેને આનંદ માનો છો એ વાસ્તવિક સ્વરૂપમાં આનંદ નથી. ખરું સુખ અને સાચો આનંદ તો પરમતત્ત્વ પરમાત્માની પાસે જ છે. તેમનું ભજન કરનારને તે અવિનાશી સુખ અને અચળ આનંદની અનુભૂતિ થાય છે, પ્રાપ્તિ થાય છે.'

સંપ્રદાયના શિરમોર કવિ બ્રહ્માનંદ સ્વામીએ ગુજરાતી, હિન્દી, ચારણી, કચ્છી, મેવાડી વગેરે ભાષામાં ગરબી, થાળ, આરતી, ભજન, બાસમાસી જેવા પ્રકારનાં અનેક પદોની રચના કરી છે. ઉપરાંત ઝૂલણા, ચોપાઈ, હરિગીત, કુંડળિયા, રેણકી જેવા છંદોમાં આવા અનેક પ્રસંગો અને રસ ભરી વાતો પ્રગટ થાય છે. સાંપ્રદાયિક ઉત્સવો, આરતી, પ્રાસંગિક પદરચનાઓનું મુખ્ય લક્ષ ઈષ્ટદેવ ભગવાન શ્રી સ્વામિનારાયણ છે. ભક્તિ તથા વૈરાગ્યનાં પદોમાં શૌર્યસભર શૈલી, વિશિષ્ટ ખુમારી, પ્રાસની સાહજિકતા, રમણીયતા, માધુર્ય, ધ્રુવપંક્તિનું લયવૈવિધ્ય હોવાને લીધે પદો લોકભોગ્ય બન્યાં છે અને પઠન કરનારને ભાવપ્રવાહમાં ગરકાવ કરી દે છે.

સત્સંગ ક્વિઝ - ૭



ઉભી ચાવી

1. શ્રીમદ્ સત્સંગિજીવન ગ્રંથના શ્રોતા ભાડેર ગામના રાજા. 5
2. રાજકોટ ગામની પ્રખ્યાત પ્રસાદીની વસ્તુ. 3
3. મહારાજની દંતપંક્તિ જોઈ સાધુ થયા અને નામ પાડ્યું ..... નંદ સ્વામી. 2
4. અમદાવાદ જેતલપૂર આદિક મંદિરો બંધાવનાર સંત. 5
5. ઓછું કરવું, ઘટાડવું. 2
8. ધૂન-કિર્તનનું ગાયન કરનાર. 3
12. ચરણારવિંદના સોળ ચિન્હો માથી એક. 3
13. હિન્દુ સંસ્કૃતિનો સૌ પ્રથમ ગ્રંથ. 2
15. પ્રહ્લાદજીના માતા. 3
17. વરજાંગજાળિયામાં મહારાજને 100 બેડાથી સ્નાન કરાવનાર શ્રી ભક્તરાજ. 5
18. ગામ માણાવદરનાં પરમ ભક્તરાજ. 4
20. જેને ક્યારે પરાજીત ન કરી શકાય તેવું. 5
22. શરીરનું.....ને વિચાર એ બે વાના તો ગૃહસ્થ સત્સંગીએ પણ જરૂર જોઈએ તો ત્યાગી ને તો જરૂર રાખ્યા જ જોઈએ. 3
28. ધર્મકુંવર હરિકૃષ્ણજી તમે ભક્તિપતિ ભગવાન.....માગું છું. 2

આડી ચાવી

1. શ્રીજી મહારાજની દીક્ષા અને ગાદી અભિષેકનો શુભ દિવસ. 4
4. મહારાજ માટે રોજ દાતણ લાવનાર ગઢાળીના ભક્તરાજ. 4
6. પુરુષોત્તમ ભગવાન જે તે ..... તમ્યતાએ સર્વમાં અંતર્યામી રૂપે રહ્યા છે. (ગ. પ્ર. 41) 2
7. વ્હાલા ભોજનીયા બહુ ભાત .....ના વ્હાલમાં મુખવાસ કરો ભગવાન જમો. 4
9. જે ને સત્સંગ થકી પાછો પગ .....ગયો હોય તેને આગળ તો માન રાખવું. (વ. લો. 6) 2
10. .... हि धर्मस्य ग्लानिर्भवति भारत । 2
11. પીઠવડી ગામના જોડિયા બે ભાઈ માથી એક ભાઈ. 2
14. ..... તજ્યો કામિની તજ્યો તજ્યો ધાતુકો સંગ જીવે માનકે રંગ . 3
16. ..... સંતો હજાર જમતા જ્યાં જમણવાર પુરુષોત્તમ પરખો . 4
19. જુઓને આ જગબંધનની જેલ તેને તોડવી મુશ્કેલ - આ કિર્તનના રચયિતા . 4
21. સંભારવું. 2
23. રોજ સાંજ સવાર આરતી કરીએ તે પહેલા ..... કરવામાં આવે છે. 2
24. આ ..... રંગ પતંગ સરીખો જાતા વાર ન લાગે જી અંતે ફજેતી થાશે જી. 2
25. ઝીંઝાવદર ગામના એક એકાંતિક શ્રી ભક્તરાજ. 3
26. ફરિયાદ. 2
27. ચાર અંતઃ કરણ માહેલું એક. 2
28. વીજાપૂર ગામના દૃઢ નિશ્ચય વાળા ..... બા પરમ એકાંતિક શ્રી ભક્ત હતા. 2
29. કુંડળ ગામમાં સંતોના રસકસના નિયમો છોડાવનાર શૂરવીર શ્રીભક્તરાજ. 3
30. વડતાલ લક્ષ્મીનારાયણ દેવનો પાટોત્સવ..... મહિનામાં આવે છે. 4

સત્સંગ ક્વિઝ - 6 ના જવાબ

1 ગ	ઢ	2 પુ	3 ર	■	■	4 આ	5 સ	ન
લુ	■	6 જા	દ	વ	7 જી	■	ચ્ચિ	■
8 જી	વ	ડો	■	■	જ્ઞા	■	9 દા	10 ગ
■	■	ડી	■	11 પ્ર	સા	દા	નં	દ
12 મ	13 છિ	યા	14 વ	■	નં	■	15 દ	ગ
16 હા	ક	■	સ્તા	■	17 દ	18 યા	■	દ
ત્ય	■	19 ક	ખા	■	■	20 દ	21 ન	■
■	22 કુ	વ	ચ	ન	■	■	23 ય	મ
24 ગુ	રુ	ચ	ર	ણ	ર	તા	નં	દ

સાચા જવાબ આપનારનાં નામ

1. ચંદ્રિકાબેન વી. પટેલ, મેમનગર - અમદાવાદ. 2. ખુશી કૌશલ પટેલ, મેમનગર - અમદાવાદ. 3. ભાવનાબેન વિનુભાઈ દુધાત, વાપી.
4. કોકિલાબેન મનુભાઈ પટેલ, ચાંદલોડીયા - અમદાવાદ.
5. કાચા પરષોત્તમ હિરાલાલ ભાઈ, ધોરાજી. 6. હેતલબેન ઘનશ્યામભાઈ ખુંટ, ફાટસર. 7. ભુપેન્દ્રભાઈ જશભાઈ પટેલ, સિંજીવાડા
8. રવિભાઈ નવનીતરાય સોની, બોટાદ.
9. કલ્પનાબેન કલ્પેનભાઈ પટેલ, વસ્ત્રાપુર - અમદાવાદ
10. ધનબાઈ શિવજી ભંડેરી, મીરજાપર - કચ્છ
11. ઇશાબેન પાર્થભાઈ પટેલ, મેમનગર - અમદાવાદ.
12. રેખાબેન ઘનશ્યામભાઈ પટેલ, મેમનગર - અમદાવાદ
13. ચારુબેન ભદ્રેશભાઈ ઠક્કર, ઘાટકોપર - મુંબઈ.

નોંધ-જે હરીભક્તો તા. 14 પહેલા સાચા જવાબનો ફોટો મો. 9586015551 નંબર પર મોકલશે તેના નામ આગળના અંકમાં લખવામાં આવશે.

સમાચાર દર્શન

પાટોત્સવ તથા શિક્ષાપત્રી જયંતીની ભવ્ય ઉજવણી

શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ વિશ્વવિદ્યા પ્રતિષ્ઠાનમ્ (SGVP) ખાતે ૨૩ જાન્યુઆરી, વસંતપંચમીના પાવન પર્વે ભગવાન શ્રી રામ-શ્યામ-ઘનશ્યામ મહારાજનો ૨૧મો પાટોત્સવ અત્યંત દિવ્યતા અને ભક્તિસભર માહોલમાં ઉજવાયો હતો.

ઉત્સવના પ્રારંભે પૂજ્ય સ્વામીજી અને સદ્ગુરુ સંતોની નિશ્રામાં ભગવાનનો મહાભિષેક કરવામાં આવ્યો હતો. વિવિધ ફળોના રસ, કેસરજળ, ચંદન, પુષ્પજળ, સુવર્ણજળ અને તીર્થજળ જેવા પવિત્ર દ્રવ્યો દ્વારા ભગવાનને લાડ લડાવવામાં આવ્યા હતા. ત્યારબાદ, ભગવાનને વિવિધ વાનગીઓનો ભવ્ય અન્નકૂટ ધરાવી મહાઆરતી કરવામાં આવી હતી. આ તકે પરંપરાગત 'શાકોત્સવ'નું પણ વિશેષ આયોજન કરાયું હતું.

ભગવાન શ્રી સ્વામિનારાયણે આજથી ૨૦૦ વર્ષ પૂર્વે માનવજાતના આચાર-વિચાર શુદ્ધિ માટે 'શિક્ષાપત્રી' ગ્રંથની ભેટ આપી હતી. શિક્ષાપત્રી જયંતી નિમિત્તે ગુરુકુલના પ્રાંગણમાં ગ્રંથરાજની ભવ્ય પાલખી યાત્રા કાઢવામાં આવી હતી. ઉપસ્થિત સંતો-ભક્તો દ્વારા ગ્રંથરાજનું વિશેષ સમૂહ પૂજન, સામૂહિક ગાન પંચોપચાર પૂજા શાસ્ત્રોક્ત વિધિથી કરવામાં આવી હતી.

વસંતપંચમીના અવસરે પાંચ દિવસીય 'શિક્ષાપત્રી પારાયણ'નું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં યુવાન સંતો તથા પૂજ્ય સ્વામીજીએ અત્યંત શાસ્ત્રીય શૈલીમાં ગ્રંથનો મહિમાનું વર્ણન કર્યું હતું : શિક્ષાપત્રી એ માત્ર નિયમોની યાદી નથી, પણ ભગવાનની કરુણાનું સાક્ષાત સ્વરૂપ છે. ગ્રંથમાં ભગવાન શ્રીકૃષ્ણના નામનો ઉલ્લેખ અને તેના ગૂઢ આધ્યાત્મિક કારણોની છણાવટ કરવામાં આવી હતી. જીવનના ચાર સ્તંભ સમાન 'સાધનચતુષ્ટય'ના વિષય પર ઊંડાણપૂર્વક માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

આજ દિવસે સ્વામિનારાયણ સંપ્રદાયના સમર્થ સંતો એવા વૈરાગ્યમૂર્તિ નિષ્કુળાનંદસ્વામી અને કવિવર્ય બ્રહ્માનંદસ્વામીનો પણ જન્મોત્સવ હોવાથી ગુરુકુલ પરિવાર દ્વારા તેમને ભાવાંજલિ અર્પણ કરવામાં આવી હતી. ભગવાનને ધરાવવામાં આવેલો અન્નકૂટનો પ્રસાદ 'દરીદ્રનારાયણ'માં વિતરણ કરીને સેવાનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડવામાં આવ્યું હતું.

રાષ્ટ્રભક્તિના અવસરે 'વિદ્યાસહાય' અર્પણ

શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ વિશ્વવિદ્યા પ્રતિષ્ઠાનમ્ (SGVP) દ્વારા તા. ૨૬ જાન્યુઆરી, ૨૦૨૬ના રોજ પૂજ્ય સ્વામીજીની ઉપસ્થિતિમાં ભવ્ય પ્રજાસત્તાક પર્વનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ખાસ રાષ્ટ્રના વીર શહીદો પ્રત્યે કૃતજ્ઞતા વ્યક્ત કરવા માટે એક વિશેષ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. પૂજ્ય સ્વામીજીના દિવ્ય સંકલ્પને સાકાર કરતાં, દેશની રક્ષા કાજે બલિદાન આપનાર શહીદ જવાનોના સંતાનોને સંસ્થા તરફથી આર્થિક વિદ્યાસહાય અર્પણ કરવામાં આવી હતી. છેલ્લા ઘણાં વર્ષોથી આ રીતે દર વર્ષે પૂજ્ય સ્વામીજીનાં સાનિધ્યમાં આ પ્રસંગ ઉજવાય છે અને સંસ્થા દેશ માટે બલિદાન આપેલા લોકોને મદદ કરે છે. આ સેવાયજ્ઞ પાછળનો મુખ્ય ઉદ્દેશ્ય એવા પરિવારોને હુંફ આપવાનો છે જેમણે દેશ માટે પોતાનું સર્વસ્વ ન્યોછાવર કર્યું છે. આ સહાયને માત્ર આર્થિક મદદ નહીં, પરંતુ શહીદોના સર્વોચ્ચ બલિદાનને વંદન કરવા માટે 'ભગવાનના પ્રસાદ' રૂપે ગણાવવામાં આવી હતી.

શહીદ જવાનોના પુત્રોને પૂજ્ય સંતોના આશીર્વાદ સાથે તેમના હસ્તે સહાય ચેક અર્પણ કરવામાં આવ્યા હતા. શહીદ પરિવારોની દીકરીઓને ઉપસ્થિત મહાનુભાવો અને અગ્રણીઓના હસ્તે સન્માનિત કરી શૈક્ષણિક સહાય આપવામાં આવી હતી.

જ્યારે શહીદોના સંતાનો મંચ પર સહાય સ્વીકારવા પહોંચ્યા, ત્યારે ઉપસ્થિત તમામ લોકોએ ઊભા થઈ તાળીઓના ગડગડાટથી તેમને વધાવી લીધા હતા. આ દૃશ્ય નિહાળી ત્યાં હાજર દરેક વ્યક્તિની આંખોમાં દેશભક્તિ અને ગર્વના ભાવ જોવા મળ્યા હતા.

ઈષ્ટભક્તિ સાથે રાષ્ટ્રભક્તિનું આ સરાહનીય કાર્ય અનેક લોકોને પ્રેરણા આપનારું છે. ગુરુકુલમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓમાં આ સંસ્કારોનું સિંચન છે.

ગુરુદેવ શાસ્ત્રીજી મહારાજની ૩૮મી પુણ્યતિથિ

તા. ૩ ફેબ્રુઆરી, ૨૦૨૬ના રોજ સદ્વિદ્યા સદ્ધર્મ રક્ષક પરમ પૂજ્ય ગુરુદેવ શાસ્ત્રીજી મહારાજ શ્રી ધર્મજીવનદાસજી સ્વામીની ૩૮મી પુણ્યતિથિ ભજન-ભક્તિના વિવિધ આયોજનો સાથે ઉજવવામાં આવી હતી. આ પ્રસંગે યોજાયેલી વિશેષ સભામાં ઉપસ્થિત સંતો અને મહાનુભાવોએ ગુરુદેવ શાસ્ત્રીજી મહારાજની દિવ્ય પ્રતિમાનું પૂજન કરી તેમને ભાવભીની અંજલિ આપી હતી. પૂજ્ય સ્વામીજીએ આ અવસરે પોતાના હૃદયના ઉદ્ગારો વ્યક્ત કરતા જણાવ્યું હતું કે, 'ગુરુદેવ શાસ્ત્રીજી મહારાજ એ કેવળ વ્યક્તિ નહોતા, પણ સંસ્કાર અને સદ્વિદ્યાનું એક જીવંત તીર્થ હતા. તેમણે કંડારેલો આ ગુરુકુલ સંસ્કારનો માર્ગ આજે લાખો વિદ્યાર્થીઓના જીવનમાં જ્ઞાનનો ઉજાસ પાથરી રહ્યો છે. આપણું સૌનું સદ્ભાગ્ય છે કે આપણને આવા સમર્થ ગુરુનો આશરો મળ્યો છે.'

પરમ પૂજ્ય સદ્ગુરુ પુરાણી શ્રી બાલકૃષ્ણદાસજી સ્વામીએ ગુરુકુલ અને ગુરુદેવના મહિમાનું ગાન કરતા જણાવ્યું હતું કે, 'ગુરુદેવ શાસ્ત્રીજી મહારાજે વાવેલું સદ્વિદ્યાનું બીજ આજે વટવૃક્ષ બનીને સમગ્ર વિશ્વમાં સંસ્કારોની સુવાસ ફેલાવી રહ્યું છે. ભગવાન શ્રીસ્વામિનારાયણની સર્વોપરી નિષ્ઠા અને શુદ્ધ શિક્ષણનો સમન્વય એ જ ગુરુદેવની સાચી ઓળખ છે, જે આજે પણ ગુરુકુલના કણેકણમાં જીવંત છે.

ગુરુદેવની સ્મૃતિમાં માત્ર આધ્યાત્મિક જ નહીં, પરંતુ સામાજિક સેવાનો યજ્ઞ પણ આદરવામાં આવ્યો હતો. 'માનવ સેવા એ જ પ્રભુ સેવા'ના સૂત્રને સાર્થક કરવા રક્તદાન કેમ્પનું આયોજન થયું, જેમાં ભક્તોએ મોટો પ્રતિસાદ આપ્યો હતો. ગુરુકુલના વિદ્યાર્થીઓએ ઉપવાસ, માળા, પ્રદક્ષિણા અને શાસ્ત્રપાઠ દ્વારા ગુરુદેવ પ્રત્યે પોતાનો પ્રેમ વ્યક્ત કર્યો હતો. આમ, પૂજ્ય ગુરુદેવ શાસ્ત્રીજી મહારાજની ૩૮મી પુણ્યતિથિ ભજન અને ભક્તિના ઉમંગ સાથે સંપન્ન થઈ.

દિવ્યાંગ સેવાયજ્ઞ

પૂજ્ય સ્વામીજીની પ્રેરણાથી કાર્યરત 'SGVP હોલિસ્ટિક હોસ્પિટલ' દ્વારા સેવાનું એક ઉત્તમ ઉદાહરણ પૂરું પાડવામાં આવ્યું છે. છેલ્લા દસ વર્ષથી તબીબી ક્ષેત્રે અનેરી નામના મેળવનાર આ હોસ્પિટલ દ્વારા તાજેતરમાં દિવ્યાંગોની સેવા માટે એક ભવ્ય 'દિવ્યાંગ સેવાયજ્ઞ'નું આયોજન કરવામાં આવ્યું હતું.

પરમ પૂજ્ય ગુરુવર્ય શ્રી માધવપ્રિયદાસજી સ્વામી તથા પરમ પૂજ્ય સદ્ગુરુ પુરાણી શ્રી બાલકૃષ્ણદાસજી સ્વામીના માર્ગદર્શન હેઠળ ૧ ફેબ્રુઆરી, ૨૦૨૬ના રોજ SGVP કેમ્પસ ખાતે યોજાયેલ ગુરુકુલ પરિવાર સ્વયંસેવક સ્નેહમિલનમાં આ કાર્યક્રમ યોજાયો હતો. આ અવસરે કુલ ૫૧ દિવ્યાંગોને કૃત્રિમ પગ અર્પણ કરી તેમને સ્વાવલંબી બનવાની દિશામાં મદદ કરવામાં આવી હતી.

કાર્યક્રમની શરૂઆત દીપ પ્રાગટ્ય અને દિવ્યાંગોના ભાવભીના સ્વાગત સાથે થઈ હતી. ઉપસ્થિત દિવ્યાંગોને રક્ષાસૂત્ર બાંધી અને પુષ્પવર્ષા કરી તેમનું પૂજન કરવામાં આવ્યું હતું. સંતો અને મહાનુભાવોના હસ્તે જ્યારે પ્રસાદ અને ખેસ અર્પણ કરાયા, ત્યારે અનેક દિવ્યાંગોની આંખોમાં હર્ષના આંસુ છલકાયા હતા.

પૂજ્ય સ્વામીજીએ આ પ્રસંગે પોતાના આશીર્વચનમાં હૃદયસ્પર્શી વાત કરતા જણાવ્યું કે, 'અમે દિવ્યાંગોની સેવા નથી કરી રહ્યા, પરંતુ તેમના હૃદયમાં બિરાજમાન ભગવાનનું પૂજન કરી રહ્યા છીએ.' આ સેવાયજ્ઞમાં અશ્વિનભાઈ વિનોદચંદ્ર પટેલ, યુ.એસ.એ.ના આર્થિક સહયોગથી પ્રાપ્ત થયો હતો અને આ પુણ્યનું ભાથું બાંધ્યું હતું.

'વંદુ સહજાનંદ...' અનુષ્ઠાન

સ્વામિનારાયણ સંપ્રદાયના મૂર્ધન્ય કવિ અને નંદ સંત સદ્ગુરુ પ્રેમાનંદ સ્વામી (પ્રેમસખી) દ્વારા રચિત 'વંદુ સહજાનંદ રસરુપ...' પદો એ માત્ર સાહિત્ય નથી, પરંતુ ભગવાન શ્રીહરિની મૂર્તિનો અરીસો છે. આ અદ્ભુત અને અલૌકિક પદોની રચનાને ૨૦૨ વર્ષ પૂર્ણ થતા, ગત ૧૪ ફેબ્રુઆરી, ૨૦૨૬ના રોજ અમદાવાદ ગુરુકુલ અને ત્યારબાદ રાજકોટ ખાતે ભક્તિસભર અનુષ્ઠાનનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે હજાર ઉપરાંત ભક્તોની હાજરીમાં અગિયાર પાઠ કરી એક પુરશ્ચરણ ભગવાનના ચરણે અર્પણ કરવામાં આવ્યા હતા. અનુષ્ઠાન પૂર્ણ થયા પછી પરમ પૂજ્ય સદ્ગુરુ પુરાણી શ્રી બાલકૃષ્ણદાસજી સ્વામી તથા પરમ પૂજ્ય સદ્ગુરુ પુરાણી શ્રી હરિસ્વરૂપદાસજી સ્વામીની ઉપસ્થિતિમાં ભગવાન શ્રીહરિ, વંદુના પદો

તેમજ સદ્‌ગુરુ પ્રેમાનંદ સ્વામીનું પૂજન થયું.

આ પ્રસંગે પૂજ્ય શાસ્ત્રી શ્રી ધર્મનંદનદાસજી સ્વામીએ વંદના પદોનો મહિમા સમાજવતા કહ્યું હતું કે, 'ભગવાનની મૂર્તિમાં પ્રેમ સહિત પદોનું ગાન અનેક ગણુ ફળ આપનાર છે. પ્રેમાનંદ સ્વામીની આ રચના અદ્‌ભુત છે. આજ સુધી અનેક ભક્તો આ પદોના માધ્યમથી ભગવાન સાથે જોડાયા છે. આપણે પણ આ વંદુના પદોને આપણા જીવનમાં નિત્ય અનુષ્ઠાનમાં વણીને ધન્ય બનીએ.'

પૂજ્ય સ્વામીજીએ ઓડિયો મેસેજ દ્વારા જણાવ્યું કે, 'મૂર્તિ ખીલો છે અને સદ્‌ગુરુ પ્રેમાનંદ સ્વામી આપણને એ વંદુ રુપી ખીલા દ્વારા શ્રીજી મહારાજમાં જોડી રાખે છે. આ પ્રસંગે પૂજ્ય બાલકૃષ્ણદાસજી સ્વામીએ પણ સૌને શુભાશિર્વાદ પાઠવ્યા હતા.

રાજકોટ : શ્રી સ્વામિનારાયણ મંદિર ભૂપેન્દ્ર રોડ, રાજકોટ ખાતે તા. ૧૬ થી ૨૦ ફેબ્રુઆરી, ૨૦૨૬ - પંચ દિનાત્મક વંદુ યજ્ઞ અનુષ્ઠાનનું આયોજન કરવામાં આવ્યું હતું. પાંચ દિવસના યજ્ઞમાં રાજકોટ તથા આસપાસના ગામોમાંથી ખૂબ મોટી સંખ્યામાં ભક્તજનોએ પધારી લાભ લીધો હતો. આ યજ્ઞનું આયોજન કોઠારી શ્રી રાધારમણદાસજી સ્વામી, પૂજ્ય વિવેકસાગરદાસજી સ્વામી તથા રીબડા ગુરુકુલના સંચાલક પૂજ્ય ધર્મવત્સલદાસજી સ્વામીના માર્ગદર્શનથી કરવામાં આવ્યું હતું.

'વંદુ સહજાનંદ' પદોનું અનુષ્ઠાન ભક્તો માટે ભગવાનની મૂર્તિમાં લીન થવાનું એક માધ્યમ બન્યું હતું. બસો વર્ષથી વધુ સમય વીત્યા પછી પણ પ્રેમસખીની આ પદો આજે પણ હરિભક્તોના હૃદયમાં શ્રીજી મહારાજની મૂર્તિને સાક્ષાત્કાર કરાવી રહી છે.

શ્રદ્ધાસુમન

અ.નિ. પ.ભ. શ્રી ડાહ્યાભાઈ કચરદાસ પટેલ :- અમદાવાદ નિવાસી પ.ભ. શ્રી ડાહ્યાભાઈ પટેલ અક્ષરવાસી થયા છે. ડાહ્યાભાઈ ખૂબ સારા ભક્ત હતા. એમનો પરિવાર પણ ગુરુકુલ સાથે જોડાયેલો છે અને ખૂબ સેવાઓ કરે છે. ભગવાન શ્રીહરિ ડાહ્યાભાઈના પવિત્ર આત્માને પોતાની મૂર્તિનું અખંડ સુખ આપે તથા સુપુત્રો અનિલભાઈ, મહેશભાઈ વગેરે સર્વ પરિવારજનોને ધીરજ અર્પે એવી પ્રાર્થના.

અ.નિ. પ.ભ. શ્રી રોહિતભાઈ બી. ત્રિવેદી :- લેસ્ટર-યુ.કે. નિવાસી તથા ગુરુકુલના સન્નિષ્ઠ સેવક શ્રી રોહિતભાઈ ત્રિવેદી અક્ષરવાસી થયા છે. રોહિતભાઈ તથા એમના પરિવારની સેવા અવર્ણનિય છે. જ્યારે જ્યારે સંતો યુ.કે. પધારે ત્યારે તેઓ અવશ્ય સેવામાં જોડાઈ જતા. ભગવાન શ્રીહરિ રોહિતભાઈના પવિત્ર આત્માને પોતાના ધામનું સાશ્વત સુખ અર્પે તથા સર્વ પરિવારજનોને ધીરજ અર્પે એ જ પ્રાર્થના.

ગુરુકુલમાં રસોઈ, સદાવ્રત ભોજન, યજ્ઞ-ગૌપૂજન

પ.ભ. શ્રી રામજીભાઈ ટી.પટેલ, અમદાવાદ
અ.નિ.બાબુભાઈ રણછોડભાઈ પટેલ
હસ્તે વાસુદેવભાઈ તથા પ્રદિપભાઈ, અમદાવાદ
પ.ભ.શ્રી બાબુભાઈ વલ્લભભાઈ દુધાત
હસ્તે કમલેશ તથા અમિત, અમદાવાદ
પ.ભ. શ્રી રવીન્દ્રાંજલી ત્રિવેદી, SGVP
પ.ભ. શ્રી કૌશલભાઈ હિરાભાઈ કળથિયા, સુરત
રામબાઈ તથા મહેન્દ્રભાઈ ખીમજીભાઈ ગાજપરીયા - કુંદનપુર, નાઈરોબી
અ.નિ. અસણાબેન જગદીશભાઈ પટેલ
અ.નિ. જગદીશભાઈ પરષોત્તમદાસ પટેલ
હસ્તે અંકીત તથા પુત્રવધુ પુજા, અમદાવાદ
શ્રી પુષ્પાબેન ખીમજીભાઈ પિડોરીયા,
સુપુત્ર કૌશલ તથા ભૂમી, રામપર વેકરા,મલીન્ડી
અ.નિ દેવરાજભાઈ શામજીભાઈ વરસાણી
હ.રમેશભાઈ વરસાણી, કેરા-ભુજ
સાંખ્યયોગી શ્રી મંજુબા તથા
શ્રી ભારતીબા, અમદાવાદ

આગામી આયોજન

તા. ૦૧/૦૩/૨૬, રવિવાર : **અમૃતવંદના સમારોહ,** પરમ પૂજ્ય ગુરુવર્ય શ્રી માધવપ્રિયદાસજી સ્વામીના ૭૫ વર્ષ નિમિત્તે અભિવંદના સમારોહ, સાંજે ૪:૩૦ કલાકે, SGVP અમદાવાદ
તા. ૦૩/૦૩/૨૬, મંગળવાર : **પુષ્પદોલોત્સવ :** સાંજે ૪:૩૦ કલાકે, અમદાવાદ ગુરુકુલ
તા. ૧૫/૦૩/૨૬, રવિવાર : **પાપમોચની એકાદશી**
તા. ૨૭/૦૩/૨૬, શુક્રવાર : **રામનવમી - શ્રીહરી જયંતી,** શ્રીઘનશ્યામ મહારાજ રાજોપચાર પૂજન, નીલકંઠવણી પયોભિષેક, ભગવાન શ્રીરામ પ્રાગટ્યોત્વ : બરોપે ૧૧:૦૦ કલાકે, શ્રીઘનશ્યામ મહારાજ પાટોત્સવ : રાત્રે ૮:૩૦ કલાકે, અમદાવાદ ગુરુકુલ
તા. ૨૯/૦૩/૨૬, રવિવાર : **કામદા એકાદશી**

SGVP HOLISTIC HOSPITAL

FUSION OF MODERN AND TRADITIONAL HEALTHCARE

ALLOPATHY SPECIALITY & SUPER SPECIALITY

ARTHROSCOPY SURGERY	DR. DHAVAL PATEL
	DR. PRATHMESH JAIN
BARIATRIC SURGERY	DR. SANJAY PATOLIA
CARDIOLOGY	DR. KRISHNAKISHORE GOYAL
CARDIOTHORACIC & VASCULAR SURGERY	DR. AMIT CHANDAN
	DR. SARAV SHAH
CRITICAL CARE	DR. SAUMIL SANGHVI
DENTISTRY	DR. VIPUL BARASIA
	DR. NEIL SHAH
DERMATOLOGY	DR. MEHA BETAI
E.N.T	DR. SHAISHAV SAKHIDAS
	DR. DHAVAL PATEL
ENDO-VASCULAR SURGERY	DR. BHUPESH D SHAH
	DR. PRANAV MODI
ENDOCRINOLOGY	DR. HIREN PATT
GENERAL MEDICINE	DR. CHIRAG JOSHI
GENERAL SURGERY	DR. TAPAN SHAH
SURGICAL GASTROENTEROLOGY	DR. ASHOK DESAI
	DR. HITESH CHAVDA
MEDICAL GASTROENTEROLOGY	DR. ABHINAV JAIN
	DR. RUCHIR PATEL
OBSTETRICS & GYNECOLOGY	DR. RINKY AGRAWAL
INFERTILITY & IVF SPECIALIST	DR. DIPESH SORATHIYA
INTERVENTIONAL NEUROLOGY	DR. CHINTAN PRAJAPATI
INTERVENTIONAL RADIOLOGY	DR. TRUPATI MEHTA
INFECTIOUS DISEASE	DR. CHINTAN KASWALA
	DR. MIT DHARSANDIYA
NEUROLOGY	DR. SAGAR BETAI
NEURO EPILEPTOLOGY	DR. ZUBIN SHAH
NEURO SURGERY	DR. MANTHAN PATEL
	DR. BRIJESH PANCHAL

NEURO SURGERY	DR. PULKIT PUROHIT
NEPHROLOGY	DR. MANTHAN KANSARA
MEDICAL ONCOLOGY	DR. MANSI SHAH
	DR. KSHITIJ DOMADIYA
HEMATO ONCOLOGY	DR. ABHISHEK DUDHATRA
SURGICAL ONCOLOGY	
HEAD & NECK ONCOLOGY	DR. ADITYA JOSHIPURA
BREAST ONCOLOGY	DR. TANAY SHAH
GYNEC ONCOLOGY	DR. VIRAL PATEL
GASTRO ONCOLOGY	DR. ASHOK DESAI
ORTHO ONCOLOGY	DR. JAYMIN SHAH
URO ONCOLOGY	DR. VIPUL TILVA
ORTHOPEDICS & JOINT REPLACEMENT	DR. JATIN VADODARIA
	DR. VINAY PARASHAR
	DR. YASH DESAI
	DR. MAUNIL NAYAK
OPHTHALMOLOGY	DR. ALOK KHANDELWAL
PAIN MANAGEMENT	DR. HITESH PATEL
PHYSIOTHERAPY	DR. MITUL PANCHAL
PLASTIC SURGERY	DR. HARSHVARDHAN SAHIJWANI
	DR. DARSHIL RAJGOR
	DR. HARDIK PATEL
PSYCHIATRIST	DR. KALRAV MISTRY
PULMONOLGY	DR. VARUN PATEL
	DR. KALPESH PANCHAL
RHEUMATOLOGY	DR. DHIREN RAVAL
SPINE SURGERY	DR. BHUPESH PATEL
	DR. ROHIT THAKER
UROLOGY	DR. RAVI JAIN
	DR. HARDIK YADAV
	DR. RENISH PATEL

For Appointment : +91 63598 55507, 079 6566 0000

"GURUKUL DARSHAN" R.N.I.No. GUJGUJ/2009/28937. Registered under Postal Reg. No. GAMC-1468/2025-2027 Valid Upto 31-12-2027 issued by the SSPO's Ahmedabad City Division, permitted to Post at Ahmedabad Unaccountable L1 on 25th of every month. Licence to post without Prepayment No. PMG/HQR/092/2025-2027 valid upto 31-12-2027. Date of Publication is 25th of every month.

વસંતપંચમીના શુભ અવસરે ભગવાન શ્રીરામ-શ્યામ-ઘનશ્યામ મહારાજના પાટોત્સવ પ્રસંગે અભિષેક તથા અન્નકૂટ દર્શન
શિક્ષાપત્રીની ૨૦૦મી પ્રાગટ્યતિથિ પ્રસંગે ગ્રંથયાત્રા તથા પૂજન તથા બટુકોને યજ્ઞોપવિત સંસ્કાર અપાયા - SGVP

If undelivered Please Return to:
Shree Swaminarayan Gurukul
Gurukul Road, Memnagar,
Ahmedabad - 380052

To.

Printed and Published by Purani Balkrushnadas on behalf of shree Swaminarayan Gurukul memnagar, Ahmedabad. Printed at Surya offset, Bopal, Ahmedabad and published from shree Swaminarayan Gurukul Memnagar, Ahmedabad 380052. Editor : Parshad Shamjibhagat

વાર્ષિક લવાજમ રૂા. ૫૦/– પંચવાર્ષિક લવાજમ રૂા. ૨૫૦/–